કિંમત ર ૫

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દર મહિનાની ૧૧ તારીખે • સળંગ અંક ૧૫૯ • જુલાઈ-૨૦૨૦




પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧

## પ.પૂ.આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અમદાવાદ શ્રી નરનારાયણ દેવ દેશ ગાદીના દેશ - વિદેશના મંદિરો દ્વારા કોરોના કાળમાં અન્નદાન દ્વારા સેવા કરતા સંતો - હરિભક્તો






# શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૩ ● અંક : ૧૫૬

જુલાઈ-૨૦૨૦

(મૂળ વર્ષ ૫૧)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
**Mo. : 9099098969**
magazine@swaminarayan.in
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in
**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | શ્રી સ્વામિનારાયણ ભગવાનની સ્તુતિ પ્રાર્થના | ૦૬ |
| ૦૪. | તીર્થ, ક્ષેત્ર અને ધામ | ૧૧ |
| ૦૫. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો | ૧૩ |
| ૦૬. | અતિ સુંદર આશીર્વાદ | ૧૬ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૮ |
| ૦૮. | સત્સંગ બાલવાટિકા | ૨૦ |
| ૦૯. | ભક્તિ સુધા | ૨૨ |
| ૧૦. | પ્રશ્નપેટી | ૨૫ |
| ૧૧. | સત્સંગ સમાચાર | ૨૬ |

શ્રી સ્વામિનારાયણ

# अस्मदीयम्

શ્રીજી મહારાજે વચનામૃતમાં ચાર પ્રકારના પ્રલયની વાત કરી છે. અને તેમ કહેવામાં આવે છે કે તેણે કરીને પરમેશ્વર પૃથ્વીનો ભાર સમતોલ કરે છે. જ્યારે જ્યારે આપણાં સૌના કર્મ ને આચરણ વર્તન નિયમ વિરૂદ્ધ થવા માંડે છે ત્યારે કર્મના ફળ રૂપ અધર્મ થાય છે. તેવા અધર્મનો નાશ કરવા માટે સ્વયં પરમાત્માને અવતાર ધારણ કરવો પડે છે. અને પોતાના એકાન્તિક ભક્તો હોય તેની રક્ષા કરીને સદ્ધર્મ જે આત્યંતિક મોક્ષ જીવાત્માઓને અપાવે તેવા માર્ગનું સ્થાપન કરે છે. વર્તમાન સમયમાં જગત આખામાં વ્યાપેલ મહામારી તે પણ એક જાતના પ્રલયનું જ લક્ષણ છે. આવા સંકટના વાતાવરણમાં શિક્ષાપત્રીમાં કહેલ આજ્ઞા પ્રમાણે સ્વપર રક્ષા કર્તવ્યા પોતાની અને બીજાની રક્ષા થાય તેમ વર્તવું. તેના અનુસંધાને હાલ જે સરકાર તરફથી નિયમોનું પાલન કરવાનું કહેવામાં આવે છે. જેમ વારંવાર પોતાના હાથે ધોવા, એકબીજાને અડવું નહી. પરસ્પર દૂરી રાખીને સર્વ પ્રકારનો વ્યવહાર કરવો. આજ વાત પણ શ્રીજી મહારાજે આપણને બસો વર્ષ પહેલાં કહેલ છે. उत्सवाहेषु नित्यं च कृष्णमन्दिरमागतैः । पुम्भिः स्पृश्या न वनितास्तत्र ताभिश्च पुरुषाः ॥ મોટા મોટા ઉત્સવો હોય કે દરરોજ જ્યારે પણ મંદિરમાં ભગવાનના દર્શન કરવા જવાનું થાય ત્યારે એક બીજાનો ક્યારેય સ્પર્શ ન કરવો. બસ આજ વાતનું પાલન હવે આપણે સૌને કરવાનું છે. કારણ કે ત્રણ ત્રણ માસ વિતી ગયા છે. મંદિરમાં ભગવાનના દર્શન કર્યા વિનાના તેનું કારણ પણ સૌની સુરક્ષા જ હતી. અને હવે જ્યારે દર્શન કરવાનો અવસર આવે ત્યારે જરૂર નિયમોનું પાલન કરીને દર્શન કરીએ જેથી આપણી પોતાની અને અન્યની સુરક્ષામાં કોઈ જાતનું વિઘ્ન ન આવે. એજ સૌ ભક્તોને ભગવાન શ્રી સ્વામિનારાયણ બળ અને બુધ્ધિ આપે તેવી પ્રાર્થના સાથે જયશ્રી સ્વામિનારાયણ.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની

# તવારીખ (માર્ચ-૨૦૨૦)



| | |
|---|---|
| ૧૭ | શ્રી સ્વામિનારાયણ મંદિર (નૂતન મંદિર) ધ્રાંગધ્રા મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૧૯ | શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુર પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૨૧ | શ્રી સ્વામિનારાયણ મંદિર કોઠંબા (પંચમહાલ) રજત શતાબ્દી પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| નોંધ : | તા. ૨૨-૦૩-૨૦૨૦ થી કોરોના વાયરસના કારણે સમૈયા-પાટોત્સવ પારાયણ સભા-પધરામણી સ્થગિત કરવામાં આવેલ છે. |

## શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં નવા મહંત સ્વામીની નિયુક્તિ

સમસ્ત સત્સંગને સહર્ષ જણાવવાનું જે, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વિશ્વના સર્વ પ્રથમ મહા મંદિર કાલુપુર અમદાવાદના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સંપ્રદાયના પ્રખર વિદ્વાન કથાકાર મૂર્ધન્ય સંત પૂજ્ય સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી નિર્ગુણદાસજી ગુરુ સ.ગુ. સ્વામી નારાયણસેવાદાસજી (શ્રી સહજાનંદ ગુરુકુળ અસારવા)ની નિયુક્તિ કરવામાં આવી છે.

### બીજા આપણા શિખરબધ્ધ મંદિરના નવા પૂજ્ય મહંત સ્વામીશ્રી ઓની યાદી

**નારણપુરા (અમદાવાદ) શ્રી સ્વામિનારાયણ મંદિરના** નવા મહંત સ્વામી પૂજ્ય સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી નરનારાયણદાસજી (જેતલપુર મહંતશ્રી) તથા સંપ્રદાયના વિદ્વાન કથાકાર મૂર્ધન્ય સંત પૂજ્ય સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (પૂ. પી.પી. સ્વામી) ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી નરનારાયણદાસજી (જેતલપુર).

**કાંકરિયા-રામબાગ શ્રી સ્વામિનારાયણ મંદિરના** નવા મહંત સ્વામી પૂજ્ય સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિૐપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી માધવપ્રસાદદાસજી.

**મથુરા શ્રી સ્વામિનારાયણ મંદિરના** નવા મહંત પૂ. સ્વામી સ.ગુ. સ્વામી વિશ્વપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી (જેતલપુર મહંતશ્રી).

**અયોધ્યા શ્રી સ્વામિનારાયણ મંદિરના** નવા મહંત પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી અખિલેશ્વરદાસજી ગુરુ સ.ગુ. સ્વામી દેવપ્રસાદદાસજી.

**મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિરના** નવા મહંત પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણપ્રસાદદાસજી (મકનસર મંદિર મહંતશ્રી)

**કોટા (રાજસ્થાન) શ્રી સ્વામિનારાયણ મંદિરના** મહંત પદે પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી ગુરુ સ.ગુ. સ્વામી બળદેવપ્રસાદદાસજી અને પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી.

**હરિદ્વાર (ઉતરાખંડ) શ્રી સ્વામિનારાયણ મંદિરના** નવા મહંત સ્વામી પૂ. સ.ગુ. સ્વામી ભક્તિકિશોરદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી.

# શ્રી સ્વામિનારાયણ ભગવાનની સ્તુતિ પ્રાર્થના



- મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (કાલુપુર, અમદાવાદ)

॥ मंगलाचरण ॥

स्वीये धाम्नि सदाऽक्षरे परतरेसंसेवितांघ्रिद्वयै भक्तैर्ब्रह्मशरीरिरिभिर्यः उरुधा वेदान्तवेद्यः प्रभुः ॥
नैकाण्डोद्भवपालनादिकरपुंमायानियन्ता स्वराट् कारुण्याम्बुनिधिर्नमामितमहं श्रीस्वामिनारायणम् ॥१॥
त्वं साक्षात्पुरुषोत्तमोऽसि परमं ब्रह्माऽक्षरः श्रीकृष्णो हरिकृष्ण आदिपुरुषो धर्मात्मजः श्रीहरेः ॥
हे नारायण वासुदेव परमानंद प्रभो सत्पते मायाधीश बृहत्पुरस्थ नृतनो श्रीस्वामिनारायणः ॥२॥
योऽन्तः स्थित्वाऽऽत्मवर्गं नियमयति यतः सर्वकार्यस्य सिद्धिः यश्चाराध्यः समस्तैर्निगमनिगदतैः कर्मभिस्तत्तदात्मा ॥
त्रायन्ते श्रूयमाणः परमखनिलयो यः परंब्रह्म कृष्णो विश्वाविर्भावहे तुः स जयतु भगवान् स्वामिनारायणोऽयम् ॥३॥
श्रीमन्मंगल मूर्तिमार्तिशमनं मालां करे तौलसीं दक्षे सूक्ष्मवलक्षसान्द्रवसनान्याबिभ्रतं सर्वदा ॥
चारुस्मैरमुखाम्बुजं लसदुरः श्रीवत्सलक्ष्मांकितं ध्याये भूषणभूषणांगमनिशं श्रीस्वामिनारायणम् ॥४॥
पातुं सद्धर्ममार्गं निरतिशयदया पूर्णमानंदमूर्ति धर्माद्भक्तौ नृ मूर्त्याकलिकलुषहरं वीक्षणा ब्रह्मणोयम् ॥
धाम्नचास्यां प्रजातं भुविसम जनतातापहरं नमामि ह्यज्ञानध्वान्तसूर्यं सुरनरसुनतं श्रीस्वामिनारायणं तम् ॥५॥
श्रीमत्स्वीयपदाब्जचिन्तनविधिं लोके स्वतो दुष्करं दृष्टऽवाऽऽविष्कृतरम्य मूर्तिमखिलानुद्धारयन्तं श्रितान् ॥
मायावाद कुतर्क विभ्रमहरं श्रीमत् कृपावीक्षणात्तं ध्यायामि सदा जगद्गुरुमहं श्रीस्वामिनारायणम् ॥६॥
श्रीधार्मिः पुरुषोत्तमो गुणनिधिर्यो ब्रह्मधामेश्वरो मुक्तैर्जुष्टपदाम्बुजो वरतरैश्वर्यैरुपेतः प्रभुः ॥
अन्तर्याम्यखिलात्मनां भवहरः सर्वेश्वराधीश्वरस्तं ध्यायाम्यवतारिणं मुनिपतिं श्री स्वामिनारायणम् ॥७॥
नित्यं संरममाणमक्षरपदे ब्रह्मात्ममुक्तव्रजैः श्रीराधादिसमर्चितांघ्रिकमलं नैकाडनाथानतम् ॥
छन्दः शेषमहेशगीतयशसं योगीन्द्रहृच्चिन्तितं ध्यायामीष्टमहं मुदाऽखिलगुरुं श्री स्वामिनारायणम् ॥८॥
वेदाः स्तोतुं प्रवृत्ताः यदनवधिमहानंदमालक्ष्य दूरात्, प्रत्यावर्तन्त सर्गस्थितिलयमखिलस्यास्य येनामनन्ति ॥
स्थाने दिव्येऽक्षरे यो निवसति सततं नित्यमुक्तानुषक्तः सोऽयं कृष्णः कृपालुः स्वयमवति निजान्स्वामिनारयणो नः ॥९॥
श्रीजुष्टे वटपत्तने नृपपथे भूपस्य हर्म्यागणे नागेन्द्रोपरिरुढमीडितपदं भूपेन भक्त्या भृशम् ॥
नानारत्नमणीन्द्रमौक्तिककलितं हेमोद्भवं भूषणं मूर्धाग्रे दधतं दधामि हृदि तं श्री स्वामिनारायणम् ॥१०॥
योऽसंख्येयमनोज्ञ दिव्यगुणयुक् सच्चित्सुखात्मा स्वरान्मुक्तव्रातसमर्चितांघ्रिकमलो राधारमाधीश्वरः ॥
वेदैर्मूर्तिधरैः स्तुतोऽक्षरपदे जुष्टोऽधिराजश्रिया तुष्यान्नः परमेश्वरोऽखिलगुरुः श्रीस्वामिनारायणः ॥११॥
यः साक्षाद्भगवान् क्षराक्षरपरः कृष्णः स एव स्वयं, भक्तौ धर्मतः आस भूरिकृपया श्री स्वामिनारायणः ।
मानुष्ये भुवि नाट्यन्निजजनाचार्यत्वधर्मे स्थितः, कृष्णां प्राह परोक्षवन्नतु ततोऽन्यः सोऽस्ति यत्स स्वयम् ॥१२॥

સત્શાસ્ત્રોમાં પરમાત્માને અનેક નામોથી સંબોધવામાં આવે છે. તેમાં કેટલાંક દિવ્ય ગુણે યુક્ત નામો હોય છે, અને કેટલાંક લીલા ચરિત્રો કર્યા હોય તેના ઉપરથી નામો પાડ્યા હોય છે. અને કેટલાંક નામો શાસ્ત્રીય આધારથી પ્રસિદ્ધ થયા હોય છે. તેમાં ષડક્ષરી મહામન્ત્ર સ્વામિનારાયણ નામ પણ શાસ્ત્રીય આધારે ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં પોતાનું નામ જગતના જીવોના હિત માટે પ્રસિદ્ધ કરેલ છે. જ્યારથી આ મહામન્ત્રની પણ સિદ્ધિ થઈ ત્યારથી પાંચસો પરમહંસોએ તે નામથી જ ભગવાન શ્રીહરિની પ્રાર્થના સ્તુતિ કરવાનું પ્રારંભ કરેલ છે. તેમાંથી નંદ સંતોના મુખેથી જે સ્તુતિના શબ્દો નીકળ્યા છે તેમાંથી કેટલાક શ્લોકો જે ગાવા યોગ્ય અને નિત્ય પ્રતિ સ્મરણ કરવા જેવા છે તેના શબ્દોના અર્થનો વિચાર કરીએ --

**સ્વીયે ધામ્નિ સદાડક્ષરે પરતરેસંસેવિતાંઘ્રિદ્વયૈ**
**ભક્તૈર્બ્રહ્મશરીરિભિર્યઃ ઉરૂધા વેદાન્તવેદ્યઃ પ્રભુઃ ॥**
**નૈકાણ્ડોદ્ભવપાલનાદિકરપુંમાયાનિયન્તા સ્વરાટ્**
**કારૂણ્યામ્બુનિધિર્નમામિતમહં શ્રીસ્વામિનારાયણમ્ ॥૧॥**

ભગવાન શ્રીસ્વામિનારાયણની સાથે અખંડ તેમના લહિયા તરીકેની સેવામાં રહેનારા સદ્‌ગુરુ શ્રીશુકાનંદમુનિ ષડક્ષરી મહામન્ત્રની સાથે સ્તુતિ કરે છે - જે શાર્દૂલવિક્રીડિત સંસ્કૃત છન્દમાં વણાયેલ છે. કહે છે — હે પ્રભુ શ્રીસ્વામિનારાયણ હું આપના દિવ્ય ચરણોમાં નત મસ્તક થઈને પ્રણામ વંદન કરૂ છું કે જે ચરણની સેવામાં સદા સર્વકાળ બ્રહ્મરૂપ થયેલાં અક્ષર મહામુક્તો સદા તમારા દિવ્ય અક્ષરધામમાં અતિ પ્રેમપૂર્વક ભક્તિભાવ અને શ્રદ્ધાએ યુક્ત થઈને તમારા બંન્નેય શ્રી ચરણોની પૂજા અર્ચના વંદના અખંડ કર્યા કરે છે. કારણકે તેમના હૃદયમાં તમારા સત્ય સ્વરૂપનું જ્ઞાન પ્રગટેલ છે. જે કેવળ માત્ર વેદાન્ત શાસ્ત્ર દ્વારા જ મળે છે. તે અલૌકિક જ્ઞાન તમારી કૃપાથી પ્રાપ્ત કરેલ છે. અનંતકોટી બ્રહ્માંડોમાં તમોજ એક છો. જેમના દ્વારા સમગ્ર વિશ્વની બ્રહ્માંડોની ઉત્પતિ સ્થિતિ અને લય થાય છે. અને તે સમગ્ર અનંતકોટી બ્રહ્માંડોનું નિયમન નિયન્ત્રણ પણ તમો જ કરો છો. અને તમોતો સ્વયં સ્વરાટ્ અર્થાત જેના ઉપર કોઈનુંય કોઈ પણ પ્રકારનું નિયંત્રણ નિયમન ન જ હોય પણ પોતેજ પોતાના ઐશ્વર્ય પ્રતાપ અને સામર્થ્યનું નિયમન કરીને જગતના પામર જીવો ઉપર દયા કરૂણા કરીને તેમને દષ્ટિગોચર થાય તેવું રૂપ ધારણ કરો છો. દર્શન આપો છો, એવા ભગવાન શ્રી સ્વામિનારાયણ આ કળિયુગમાં સૌને પોતાના દિવ્ય દર્શન આપે છે જ. (૧)

**ત્વં સાક્ષાત્પુરૂષોત્તમોડસિ પરમં બ્રહ્માડક્ષરઃ શ્રીકૃષ્ણો**
**હરિકૃષ્ણ આદિપુરૂષો ધર્માત્મજઃ શ્રીહરેઃ ॥**
**હે નારાયણ વાસુદેવ પરમાનંદ પ્રભો સત્પતે માયાધીશ**
**બૃહત્પુરસ્થ નૃતનો શ્રીસ્વામિનારાયણઃ ॥૨॥**

શ્રીહરિના સ્વરૂપનો અને તેમના સર્વોપરીપણાના દઢ નિશ્ચય જેમના હૃદયમાં સતત નિવાસ કરીને રહેલો છે એવા પંડિત વર્ય સદ્‌ગુરુ નિત્યાનંદ મુનિ પણ ભગવાન શ્રીહરિના ષડક્ષરી મહામન્ત્ર સ્વામિનારાયણ નામથી મહિમા કહે છે. — તેનો ભાવાર્થ સમજવાનો પ્રયત્ન કરીએ — હે પ્રભુ મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણ તમો જે આ મનુષ્ય શરીર ધારણ કરીને વિચરણ કરો છો. અમને તમારા દર્શન આપો છો. તે તમો તો સાક્ષાત્ પુરૂષોત્તમનારાયણ છો. જે સ્વરૂપને તમારા આ જ સ્વરૂપને સત્શાસ્ત્રો વેદો ઉપનિષદો ઋષિમુનિઓ પરંબ્રહ્મ કહે છે. શ્રીકૃષ્ણ નામથી શ્રીમદ્‌ભાગવતાદિ મહાપુરાણોમાં કહેલ છે. હરિકૃષ્ણ કહે છે તે પણ તમો જ છો. વેદોમાં જેને આદિ પુરૂષ કહ્યાં છે તે પણ તમોજ છો. ધર્મના પુત્ર ઋષિ રૂપ નરનારાયણ કહ્યાં છે તે પણ તમોજ છો. શ્રીહરિ શંખ ચક્ર ગદા પદ્મ ધારણ કરીને ધ્રુવજીને દર્શન આપનારા પણ તમો જ છો. નારાયણ નામ લેવા માત્રથી અજામેલ જેવા પાપીનો ઉદ્ધાર કરનારા પણ તમોજ છો. સમગ્ર વિશ્વમાં વ્યાપક જેને ઉપનિષદો કહે છે — ઈશાવાસ્યમિદં તે સર્વ વ્યાપક ઈશ્વર પણ તમોજ છો. પરમાનંદ સત્ત ચિત્ત અને આનંદ સ્વરૂપ પણ તમોજ છો. સર્વના નિયન્તા પ્રભુ પણ તમોજ છો. સત્પુરૂષોના અધિપતિ નિયન્તા અને ત્રિગુણાત્મિકા માયાના નિયન્તા અને તેના અધિપતિ સ્વામી પણ તમોજ છો. જે સદા અખંડ જે વિશાળ સૌથી મહાન મોટા એવા બ્રહ્મપુર ધામ અક્ષરધામમાં સ્થિર પણે રહો છો. તે તમો આ નર દેહ મનુષ્ય શરીર ધારણ કરીને શ્રીસ્વામિનારાયણ નામે દર્શન આપો છો. (૨)

**યોડન્તઃ સ્થિત્વાડડત્મવર્ગં નિયમયતિ યતઃ**
**સર્વકાર્યસ્ય સિદ્ધિઃ યશ્ચારાધ્યઃ**
**સમસ્તૈર્નિગમનિગદિતૈઃ કર્મભિસ્તત્તદાત્મા ॥**
**ત્રાયન્તે શ્રૂયમાણઃ પરમખનિલયો યઃ પરંબ્રહ્મ કૃષ્ણો**
**વિશ્વાવિર્ભાવહેતુઃ સ જયતુ ભગવાન્**
**સ્વામિનારાયણોડયમ્ ॥૩॥**

ભગવાન શ્રીસ્વામિનારાયણે આપેલાં સર્વજીવહિતાવહ સંદેશ શ્રીશિક્ષાપત્રી જે સ્વયં પરંબ્રહ્મ પરમાત્માના મુખ કમળમાં પ્રસરિત થયેલ પરાવાણીને જગતના સાધારણ જીવને સરળતાથી સમજી શકાય તેમ ન હોવાથી તેને સારી રીતે સમજવા અને શાસ્ત્રીય દષ્ટિથી

વિદ્વાનોમાં પ્રમાણિત કરવા માટે જેમ પ્રસ્થાનત્રયી ઉપર મોટા મોટા આચાર્યોએ ભાષ્યોની રચના કરી છે. તેવી રીતે અસંખ્ય શાસ્ત્ર વચનોના પ્રમાણ ઉદ્ધત કરીને જે ભાષ્યની રચના કરી છે. તેમાં શ્રીહરિનો જય જય કાર કેવી રીતે થાય છે. ભાષ્યકાર વર્ણન કરે છે. જેમાં ષડક્ષરી મહામન્ત્ર સ્વામિનારાયણ નામથી જ સ્તુતિ કરી છે. તેના શબ્દોનો ભાવાર્થ સમજવાનો પ્રત્યન કરીએ --

જેને સમગ્ર શાસ્ત્રો સર્વના અન્તર્યામી કહે છે તે પરમેશ્વર ચેતન જીવ પ્રાણી માત્રના હૃદયમાં અન્તઃકરણમાં અખંડ સ્થિર રહીને તેનું નિયમન કરે છે. અને તેમના દ્વારા જ સર્વ પ્રકારના જગતની ઉત્પતિ સ્થિતિ લય આદિ કાર્યો સિદ્ધ થાય છે અર્થાત પૂર્ણ થાય છે. જીવોના પણ કર્મ તેમનાથી જ થાય છે. અને સમસ્ત વેદો શાસ્ત્રો આગમ અને નિગમ પણ તેવી રીતની જ આરાધના કરવાનું કહે છે. શાસ્ત્રવિહિત સર્વ યજ્ઞ યાગાદિ સત્કર્મોથી સર્વ જગતના જીવો તે પ્રભુની જ આરાધના કરે છે. જ્યારે સમગ્ર બ્રહ્માંડોનો આત્યન્તિક પ્રલય થાય છે ત્યારે તે પરમાત્મા જ એક રહે છે. અને તેમના જ ગુણ ગવાય છે. તેવું જ વેદોમાં પણ સર્વત્ર વર્ણવેલ છે. અને તે જ પરંબ્રહ્મ પરમેશ્વર ભગવાન શ્રીકૃષ્ણ છે. જે સમસ્ત વિશ્વના અનંતકોટી બ્રહ્માંડોની ઉત્પતિ સ્થિતિ લયના કારણ છે અને કર્તા પણ એજ છે. તે મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણનો આ કળિકાળમાં જયજયકાર થઇ રહ્યો છે. (૩)

**શ્રીમન્મંગલ મૂર્તિમાર્તિશમનં માલાં કરે તૌલસીં દક્ષે**
**સૂક્ષ્મવલક્ષસાન્દ્રવસનાન્યાબિભ્રતં સર્વદા ॥**
**ચારૂસ્મૈરમુખામ્બુજં લસદુરઃ શ્રીવત્સલક્ષ્માંકિતં ધ્યાયે**
**ભૂષણભૂષણાંગમનિશં શ્રીસ્વામિનારાયણમ્ ॥૪॥**

અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ સર્વાવતારના અવતારી પરંબ્રહ્મ પરમાત્મા પૂર્ણપુરૂષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણના સ્વરૂપનું ધ્યાન કરવા માટે કેવી મૂર્તિનું ચિન્તવન કરવું જોઈએ તે આ માંગલિક શ્લોકમાં વર્ણન કરે છે. તેના શબ્દોનો ભાવાર્થ વિચારીએ - શ્રીમન્ અત્યન્ત શોભાએ યુક્ત બહુમૂલ્ય રત્ન મોતી માણિક્યાદિ નિર્મિત સુવર્ણાભૂષણો ધારણ કરેલ પ્રભુ જગતના જીવ માત્રનું સદા મંગલ કરનારા આર્ત દુઃખી જન્મ મૃત્યુના ભયથી ભયભિત જીવોના ભયને શાન્ત કરનારા શાન્ત ચિત્તે પોતાના જમણા હસ્ત કમળમાં તુલસીના કાષ્ટમાંથી બનાવેલી સુંદર મણકાની માળાને સદા ધારણ કરી રહેલાં એકદમ સાદા શ્વેત સુંવાળા ચમકતા ધોયેલાં પવિત્ર વસ્ત્રો ધારણ કરીને નિત્ય પ્રતિ હમેંશાં શોભતાં ભક્તોના હૃદયને આનંદ આપતા પોતાના શ્રેષ્ઠ સુંદર પૂર્ણિમાના ચન્દ્ર સમાન મુખ કમળમાં મંદ મંદ હાસ્ય પ્રસરાવતાં અને જેમના હૃદય કમળ ઉપર સુવર્ણના રત્નજડિત હારો અને સુગન્ધિત પુષ્પના હારો હિલોળી રહ્યા છે. વૃક્ષઃસ્થળમાં શ્રીવત્સનું ચિન્હ અંકિત થયેલ છે. પોતાના અંગે અંગમાં વિવિધ પ્રકારના આભૂષણોથી વિભૂષિત કરેલાં છે. એવા ભગવાન શ્રીસ્વામિનારાયણના સ્વરૂપનું ધ્યાન રાત્રિ દિવસ હમેંશા કરવું. (૪)

**પાતું સદ્ધર્મમાર્ગં નિરતિશયદયા પૂર્ણમાનંદમૂર્તિં**
**ધર્માદ્ભક્તૌ નૃ મૂર્ત્યાકલિકલુષહરં વીક્ષણા**
**બ્રહ્મણોયમ્ ॥**
**ધામ્નચાસ્યાં પ્રજાતં ભુવિસમ જનતાતાપહરં નમામિ**
**હ્યજ્ઞાનધ્વાન્તસૂર્યં સુરનરસુનતં શ્રીસ્વામિનારાયણં**
**તમ્ ॥૫॥**

પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણના ચરણોમાં નત મસ્તક વંદન દંડવત પ્રણામ કેવી રીતે કરવા જોઈએ તે સદ્ગુરુ મહાનુભાવાનંદ સ્વામી પોતાની રચના શ્રીહરિકૃષ્ણલીલામૃતમાં આવી રીતે કરે છે. - હે પ્રભુ આપ તો અતિશય દયા કરૂણાના સાક્ષાત્ મૂર્તિમાન સાગર છો. જગતના જીવોને અધર્મ માર્ગથી રક્ષણ કરવા અને સનાતન ભાગવત્ સદ્ધર્મની રક્ષા કરવા માટે સ્વયં પૂર્ણ આનંદ મૂર્તિ છો છતાં મૃત્યુ લોકમાં માનવો જેવા માનવનું રૂપ માતા ભક્તિદેવીના ઉદરથી ધર્મઋષિ હરિપ્રસાદ વિપ્રના આંગણે નરરૂપ ધારણ કરીને પ્રગટ થયા છો. તે તો જીવોના હૃદયમાંથી કળિયુગના મહાન દોષો કામ, ક્રોધ, લોભ, મોહ આદિ અન્તઃશત્રુઓને દૂર કરીને તેને પરમ ભાગવત ભક્ત બનાવીને પોતાના દિવ્ય અક્ષરધામમાં તેડી જવા માટે મનુષ્ય જેવા દેખાવ છો. દર્શન આપો છો. પણ છો તો પરંબ્રહ્મ પરમેશ્વર સાક્ષાત્ બ્રહ્મ. અક્ષરધામથી અહિં પ્રગટ થયા છો. પૃથ્વી ઉપર સમાન દેહ ધારણ કર્યો છે. તે તો જનતા જનાર્દનના ત્રણેય પ્રકારના તાપ દૂર કરવા માટે આવું રૂપ ધારણ કરેલ છે. જીવોના હૃદયમાં રહેલાં અનાદિકાળના અજ્ઞાન રૂપી અંધકારને જેમ સૂર્ય ઘનઘોર રાત્રીના અંધકારને દૂર કરે છે તેમ અહં મમત્વ રૂપ હું અને મારૂ રૂપ જે અજ્ઞાન તેનો નાશ કરો છો તેથી મોટા મોટા દેવો ઋષિઓ મનુષ્યો તમારા ચરણોમાં સાષ્ટાંગ દંડવત પ્રણામ કરે છે એવા હે મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણ હું પણ તેવી જ રીતે તમારા શ્રી ચરણોમાં નમસ્કાર વંન્દન કરૂં છું. (૫)

**શ્રીમત્સ્વીયપદાબ્જચિન્તનવિધિં લોકે સ્વતો દુષ્કરં**
**દૃષ્ટ્વાऽऽવિષ્કૃતરમ્ય મૂર્તિમખિલાનુંદ્ધારયન્તં શ્રિતાન્॥**
**માયાવાદ કુતર્ક વિભ્રમહરં શ્રીમત્કૃપાવીક્ષણાત્તં**
**ધ્યાયામિ સદા જગદ્ગુરૂમહં શ્રીસ્વામિનારાયણમ્ ॥૬॥**

જગતના નિયન્તા જગતકર્તા પરંબ્રહ્મ પરમેશ્વરના સ્વરૂપનું ચિન્તવન કરવું અને તેમના શ્રીચરણોમાં રહેલાં સોળ ચિન્હનું ચિન્તન કરવું કે તે કેવા હશે તે તો જગતના લોકોને પોતાની રીતે અતિ દુર્લભ છે. કારણ કે જેની કલ્પના કરવી જ અશક્ય છે. તેનું ચિન્તન કેમ થઇ શકે. અને જીવોને પરમેશ્વરનું ચિન્તન કર્યા વિના માયાથી છુટકારો મળે જ નહિ. અને માયા છૂટ્યા વિના આત્યન્તિક મોક્ષની પ્રાપ્તિ થાય જ નહિ આ બધા પ્રકારની મહા મુશ્કેલીઓને જોઇને જ સ્વયં પરંબ્રહ્મ પરમાત્માએ પોતાના આશ્રિત ભક્તોને ચિન્તન કરવામાં સરળતા થાય તે માટે જ દિવ્ય સ્વરૂપ ધારણ કરીને મનુષ્યોને મનુષ્ય જેવું જ રૂપ ધારણ કરીને પોતાના દર્શન આપે છે. તે તો તેમનો ઉદ્ધાર કરવા માટે આવિર્ભાવ થઈને કૃપા કરીને તેમનામાં રહેલાં માયા હું અને મારૂં તેનો જે ભ્રમ તેને દૂર કરીને પોતાના ચિન્તવન કરવા યોગ્ય એવા સ્વરૂપનું કૃપા કરીને દર્શન આપે છે. તેવા દયાળુ કૃપાના સાગર જગતના દિવ્ય જ્ઞાન આપનારા જગતના જીવ માત્રના ગુરુ અને મારા ઈષ્ટ પરમાત્મા ભગવાન શ્રીસ્વામિનારાયણનું હું મારા અન્તઃકરણમાં ધ્યાન કરૂં છું. (૬)

**શ્રીધાર્મિઃ પુરૂષોત્તમો ગુણનિધિર્યો બ્રહ્મધામેશ્વરો**
**મુક્તૈર્જુષ્ટપદામ્બુજો વરતરૈશ્વર્યૈરૂપેતઃ પ્રભુઃ ॥**
**અન્તર્યામ્યખિલાત્મનાં ભવહરઃ સર્વેશ્વરાધીશ્વરસ્તં**
**ધ્યાયામ્યવતારિણં મુનિપતિં શ્રીસ્વામિનારાયણમ્ ॥૭॥**

સનાતન ભાગવદ્ધર્મ જીવોને આત્યન્તિક મોક્ષ અપાવનારાં ધર્મોને ધારણ કરીને તેની અતિ શોભા વધારનારા તેને સુંદર અને કલ્યાણકારી બનાવનારા છે તેથી શ્રીધાર્મિઃ એવા ભગવાન શ્રીપુરૂષોત્તમઃ અનંત પુરૂષોમાં અતિ શ્રેષ્ઠ ઉત્તમ છે. તેથી પુરૂષોત્તમ છે. અને જેટલાં પણ સદ્ગુણો કહેવાય છે, તે સર્વના સાક્ષાત્ નિધિ સાગર સમાન જેમનામાં રહેલાં છે. અને જેમના બે ચરણોમાં બ્રહ્માંડના અધિપતિઓ બ્રહ્મધામમાં રહેનારા અક્ષરમુક્તો અખંડ સેવા પરાયણ રહે છે. શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ મહાન જેટલાં પણ પ્રકારના ઐશ્વર્યો છે તે સર્વને જેમના ચરણની સેવાથી જ પ્રાપ્ત કરી શકાય છે. તે સર્વના નિયન્તા પ્રભુ છે. અનંતકોટી બ્રહ્માંડોના અસંખ્ય જીવોના અન્તઃકરણમાં રહીને તેનું નિયમન કરનારા અને તેમને જન્મ મૃત્યુના ભવસાગરથી છોડાવનારા છે. અને જે સર્વ ઈશ્વરોના પણ અધિશ્વર નિયન્તા સ્વામી છે તે સર્વાવતારી પાંચસો પરમહંસો મુનિઓના અધિપતિ ઉપાસ્ય એવા ભગવાન શ્રીસ્વામિનારાયણનું હું મારા હૃદયમાં ધ્યાન કરૂં છું. (૭)

**નિત્યં સંરમમાણમક્ષરપદે બ્રહ્માત્મમુક્તવ્રજૈઃ**
**શ્રીરાધાદિસમર્ચિતાંઘ્રિકમલં નૈકાણ્ડનાથાનતમ્ ॥**
**છન્દઃ શેષમહેશગીતયશસં યોગીન્દ્રહૃચ્ચિન્તિતં**
**ધ્યાયામીષ્ટમહં મુદાऽખિલગુરૂં શ્રીસ્વામિનારાયણમ્॥૮॥**

નિત્યમુક્તો અનાદિમુક્તો જે સદા પોતાને મળેલાં અક્ષર બ્રહ્માત્મક અક્ષરમુક્તપણા ના પદમાં જ આસક્ત રહેનારા છે. તેમજ જે બ્રહ્મ સ્થિતિને પ્રાપ્ત કરીને મહામુક્તોનો જે સમૂહ છે જેમાં મુખ્ય શ્રીરાધા રમાદિ છે. તે સર્વ જેમના ચરણ કમળનું અખંડ સેવન કરે છે. અનેક કોટી લોકોના અધિપતિઓ જેમના ચરણોમાં નત મસ્તક થઈને નમન વંદન સાષ્ટાંગ નમસ્કાર કરે છે. અને સમગ્ર વેદો સત્શાસ્ત્રો મોટા મોટા કવિઓ ઋષિઓ સાક્ષાત્ શેષનારાયણ મહાદેવ અને દેવતાઓ જેમના યશ અને કીર્તિનું સતત ગાન કરે છે. અષ્ટાંગ યોગને સિદ્ધ કરનારા યોગીઓ પોતાના હૃદયમાં જેમનું અખંડ ચિન્તવન કરે છે. તે સર્વ ચેતન અચેતનના પણ ગુરુ એવા મારા ઈષ્ટદેવ ઉપાસ્ય પરમાત્મા ભગવાન શ્રીસ્વામિનારાયણનું હું મારા હૃદયમાં પરમાનંદ પૂર્વક ધ્યાન કરૂં છું. (૮)

**વેદાઃ સ્તોતું પ્રવૃત્તાઃ યદનવધિમહાનંદમાલક્ષ્ય દૂરાત્,**
**પ્રત્યાવર્તન્ત સર્ગસ્થિતિલયમખિલસ્યાસ્ય યેનામનન્તિ॥**
**સ્થાને દિવ્યેऽક્ષરે યો નિવસતિ સતતં**
**નિત્યમુક્તાનુષક્તઃ, સોऽયં કૃષ્ણઃ કૃપાલુઃ સ્વયમવતિ નિજાન્સ્વામિનારાયણો નઃ ॥૯॥**

અક્ષર મૂર્તિ સદ્ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામી અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીપુરૂષોત્તમનારાયણના ષડક્ષરી મહામન્ત્ર શ્રીસ્વામિનારાયણ નામથી તેમની સ્તુતિ પ્રાર્થના કરતાં વર્ણન કરે છે. કે હે પ્રભુ તમારી સ્તુતિ પ્રાર્થના કરવા માટે ચારેય વેદો ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ સાક્ષાત્ મૂર્તિમાન થઈને પ્રયત્ન કરે કે પરિશ્રમ કરે તો પણ જેવો તમારો મહિમા મોટાઈ છે કે જેની કોઈ અવધિ નથી. કોઈ પણ પ્રકારનું માપ નથી કરી શકાતું તેનો પાર પામવા માટે દૂરથી જ પાછું વળવું પડે છે. અને પછી એટલું જ વિચારી શકાય છે કે આ સમગ્ર જગતની ઉત્પતિ સ્થિતિ અને પ્રલય જ્યાંથી થાય છે તે સ્વયં આપ જ છો. અને જેટલાં નામોથી સંબોધન કરીએ તે સર્વ નામો આપના જ છે. અને

તમો તો પોતાના દિવ્ય અક્ષરધામ નામના સ્થાને અખંડ નિત્યમુક્તો અક્ષરમુક્તોની સેવાને સ્વીકારતાં થકાં સતત નિવાસ કરીને રહો છો. તે જ તમે પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી પુરૂષોત્તમનારાયણ અત્યારે કળિકાળમાં પ્રગટ થયા છો ત્યારે માર્કણ્ડેય મહામુનિએ શ્રીકૃષ્ણ એવું સાર્થક નામ ધારણ કરાવેલ છે. તે સ્વયં તમે કૃપા કરીને પોતાનું દિવ્ય અલૌકિક નામ ષડક્ષરી મહામન્ત્ર શ્રીસ્વામિનારાયણ પોતાના આશ્રિતો ઉપર કરૂણા કરીને આપેલ છે. તે મારા ઈષ્ટદેવ મારા ઉપર પણ કૃપા કરો. (૯)

**શ્રીજુષ્ટે વટપત્તને નૃપપથે ભૂપસ્ય હર્મ્યાંગણે**
**નાગેન્દ્રોપરિરૂઢમીડિતપદં ભૂપેન ભક્ત્યા ભૃશમ્ ॥**
**નાનારત્નમણીન્દ્રમૌક્તિકલિતં હેમોદ્ભવં ભૂષણં મૂર્ધાગ્રે**
**દધતં દધામિ હૃદિ તં શ્રીસ્વામિનારાયણમ્ ॥૧૦॥**

મનુષ્ય દેહ ધારણ કરીને જ્યારે શ્રીહરિ આ પૃથ્વી ઉપર વિચરણ કરતાં હતાં ત્યારે અનેક ગામો નગરોમાં સ્વયં પધારતાં અને ક્યારેક તે નગર કે ગામના નિવાસી ભક્તો પ્રેમપૂર્વક આમંત્રણ આપીને તેડી જતાં હતાં. તે રીત પ્રમાણે ભગવાન શ્રીસ્વામિનારાયણને વડોદરાના મહારાજા ગાયકવાડ શ્રીસયાજીરાવે આમંત્રણ આપી પોતાના વડોદરા નગરમાં પધરાવ્યા ત્યારે જેવા શ્રીહરિના દર્શન નગરવાસીઓને અને સંતો ભક્તોને થયા તેનું સુંદર વર્ણન આ સ્તુતિના શ્લોકમાં છે તેનો ભાવાર્થ સમજીએ – શ્રી જુષ્ટે શ્રી અર્થાત લક્ષ્મીજી ધન સંપત્તિ વૈભવ સુખસમૃદ્ધિ અને સુંદર શોભા જ્યાં નગરને વિંટળાઈને રહેલાં છે. તે નગરને ક્યારેય છોડીને જાય તેમ નથી એવી દૃઢતા પૂર્વકની સંપત્તિ જે શહેરમાં છે એવા વડોદરા નગરમાં રાજમાર્ગ મુખ્ય ધોરી માર્ગ હાઈવે રોડ ઉપર આવેલાં નગરના રાજાના રાજમહેલની આગળ કે જ્યાં સુંદર મનગમતાં શણગારો સજાવેલાં છે. તે જગ્યાએ મોટા વિશાળ ગજરાજ હાથીની અંબાડી ઉપર વિરાજમાન શ્રીહરિના ચરણની નગરના રાજાએ ભક્તિભાવ પૂર્વક પ્રેમથી પૂજા કરીને વારંવાર ચરણોમાં નમસ્કાર કરે છે. અને અનેક પ્રકારના હીરા મોતી માણેક જડેલાં સૂવર્ણના આભૂષણો જેમના સન્મુખ પધરાવીને તેને ધારણ કરવાની પ્રાર્થના વિનંતી કરી રહ્યા છે. તેવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણના સ્વરૂપને મૂર્તિને હું મારા હૃદયમાં ધારણ કરૂં છું. (૧૦)

**યોઙસંખ્યેયમનોજ્ઞ દિવ્યગુણયુક્ સચ્ચિત્સુખાત્મા**
**સ્વરાન્મુક્તવ્રાતસમર્ચિતાંઘ્રિકમલો રાધારમાધીશ્વરઃ ॥**
**વેદૈર્મૂર્તિધરૈઃ સ્તુતોઙક્ષરપદે જુષ્ટોઙધિરાજશ્રિયા**
**તુષ્યાન્નઃ પરમેશ્વરોઙખિલગુરુઃ**
**શ્રીસ્વામિનારાયણઃ॥૧૧॥**

ભગવાન શ્રીસ્વામિનારાયણ પોતાના ઉપર પ્રસન્ન થાય તેના માટે આ સ્તુતિ શ્લોકમાં વર્ણન કરે છે - જે પરંબ્રહ્મ પરમાત્માના સ્વરૂપમાં મૂર્તિમાં મારા તો મનની કલ્પનામાં પણ ન આવે તેવાં અસંખ્ય કલ્યાણકારી દિવ્ય ગુણોથી યુક્ત છે. જે સદા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. અર્થાત સત્ય સ્વરૂપ ચૈતન્ય સ્વરૂપ અને આનંદ સ્વરૂપ છે તેવું વેદોની શ્રુતિઓ વર્ણન કરે છે. અક્ષરમુક્તોનો સમુદાય તે સ્વરૂપના ચરણ કમળોની સદા દિવ્ય ઉપચારોથી પૂજા અર્ચના કરે છે. અને રાધાજી અને લક્ષ્મીજીના અધિપતિ છે ઈશ્વર છે પતિ છે. અને જેમની સ્તુતિ કરવા માટે ચારેય વેદો સાક્ષાત્ મૂર્તિમાન થઈને અક્ષરધામના અધિપતિ પદે વિરાજમાન કરીને જુગલ ચરણની અર્ચના કરે છે. તે અક્ષરધામની અતિ સુંદર શોભાએ યુક્ત પરમેશ્વર ભગવાન શ્રીસ્વામિનારાયણ જે સમસ્ત બ્રહ્માંડોના જીવ માત્રના ગુરુ સ્થાને વિરાજમાન છે. તે પ્રભુ મારા ઉપર પ્રસન્ન થાય એવી સ્તુતિ પ્રાર્થના કરૂં છું. (૧૧)

**યઃ સાક્ષાદ્ભગવાન ક્ષરાક્ષરપરઃ કૃષ્ણઃ સ એવ સ્વયં**
**ભક્તૌ ધર્મતઃ આસ ભૂરિકૃપયા શ્રી સ્વામિનારાયણઃ॥**
**માનુષ્યે ભુવિ નાટ્યન્નિજજનાચાર્યત્વધર્મે સ્થિતઃ કૃષ્ણં**
**પ્રાહ પરોક્ષવન્નતુ તતો અન્યઃ સો અસ્તિ યત્સ**
**સ્વયમ્॥૧૨॥**

જે અનંતકોટી બ્રહ્માંડોના અધિપતિ પરંબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણપુરુષોત્તમનારાયણ પોતાના દિવ્ય અક્ષરધામમાં વિરાજમાન છે, જેને અક્ષર મુક્તો પણ સંપૂર્ણ પણે સમજી જાણી શકતા નથી. તેજ સ્વયં પૂર્ણપુરુષોત્તમ ભગવાન આ સમયમાં કળિકાળમાં જીવોના ઉપર અતિ કરૂણાથી કૃપા કરીને ધર્મદેવ જે હરિપ્રસાદ વિપ્ર અને ભક્તિદેવી જે પ્રેમવતી માતાના આંગણે માનવ દેહ ધારણ કરીને પ્રત્યક્ષ પ્રમાણ પ્રગટ થયા છે. જેમનું જગતમાં શ્રી સ્વામિનારાયણ નામ પ્રસિદ્ધ થયું છે. મનુષ્ય શરીર ધારણ કરીને પૃથ્વી ઉપર વિચરણ કરતાં તે સાક્ષાત્ શ્રીકૃષ્ણ પુરુષોત્તમનારાયણે સ્વયં સ્થાપેલ અને વિસ્તારેલ ઉધ્ધવ સંપ્રદાય જેનું સ્વામિનારાયણ સંપ્રદાય પ્રસિદ્ધ નામ છે. તેના આશ્રિતો પોતાના ભક્તોના ધર્મની રક્ષા માટે અને મોક્ષ પ્રાપ્ત કરાવવા માટે પોતાનાજ પવિત્ર વંશમાં ધર્મવંશમાં આચાર્ય પદની સ્થાપના કરીને આ ધર્મવંશી આચાર્ય તે સાક્ષાત્ મારૂં અપર સ્વરૂપ છે, તેમ પ્રસ્થાપિત કરીને પોતે સદા પોતાના ભક્તોના સમક્ષ પ્રત્યક્ષ પ્રમાણ છે. પણ ક્યારેય પરોક્ષ નથી તેવો પ્રગટ ઉપાસનાનો સિદ્ધાન્ત પ્રસ્થાપિત કર્યો છે. (૧૨)

# તીર્થ ક્ષેત્ર અને ધામ

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

આપણા સનાતન હિન્દુ ધર્મના ગ્રંથોમાં તીર્થ, ક્ષેત્ર અને ધામનો અપરંપાર મહિમા વર્ણવવામાં આવ્યો છે. સામાન્ય પણે લોકોની સમજણ એવી છે કે તીર્થ, ક્ષેત્ર અને ધામ એ સર્વે એક જ છે. પરંતુ શાસ્ત્રોને ઉંડાણથી વાંચતા જણાય છે કે અમુક સ્થાનને તીર્થ, અમુક સ્થાનને ક્ષેત્ર અને અમુક સ્થાનને ધામ તરીકે કહેવામાં આવે છે.

શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં કથા આવે છે. શ્રી બલરામજી તીર્થયાત્રા કરવા નીકળ્યા ત્યારે ''ऋषभाद्रिं हरेः क्षेत्रं'' બલરામજી ઋષભ (ઋભકૂટ) પર્વત જે શ્રીહરિનું ક્ષેત્ર છે ત્યાં પધાર્યા. ત્યારબાદ ''गोकर्णारव्यं शिवक्षेत्रं'' ગોકર્ણ (દક્ષિણ ભારતનું મલબારનું સ્થાન) જે શિવજીનું ક્ષેત્ર છે ત્યાં પધાર્યા. ત્યારબાદ ''मनुतीर्थभुपस्पृश्य'' અર્થાત્ મનુતીર્થમાં સ્નાન કરી આગળ પધાર્યા. આ વાતથી એક વાત સ્પષ્ટ થાય છે કે જ્યાં ભૂમિ પ્રધાન હોય તેને ક્ષેત્ર કહેવાય છે જ્યાં જળ પ્રધાન હોય તેને તીર્થ કહેવાય છે. જ્યાં જળ પ્રધાન હોય તેને તીર્થ કહેવાય છે. અને જ્યાં ભગવાનની પ્રતિમા (મંદિર) પ્રધાન હોય તેને ધામ કહેવાય છે.

જ્યાં વિશેષ તેજોમય જળ હોય એવા નદી કે સરોવરના મહિમાની સાથે જે સંકળાયેલા હોય એવી પવિત્ર અને પાવન જગ્યાનો ''તીર્થ'' તરીકે વર્ણવવામાં આવે છે. સ્કંદ પુરાણ, પદ્મ પુરાણ, શિવ પુરાણ અને મહાભારતાદિક શાસ્ત્રોમાં તીર્થોનો મહિમા સવિસ્તર સમજાવવામાં આવ્યો છે. સાથે તીર્થયાત્રાનું મહાફળ પણ કહેવામાં આવ્યું છે. સમગ્ર ભરતખંડમાં તીર્થોની સંખ્યા અપાર છે. પરંતુ તેમાં મુખ્યતઃ અડસઠ તીર્થ વિશેષ ગણવામાં આવે છે. સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીએ સંપ્રદાયની આરતી બનાવી ત્યારે તેમાં આ કડી લખી છે.

**“અડસઠ તીરથ ચરણે, કોટી ગયા કાશી.”**

અડસઠ તીર્થોમાં જળનું પ્રધાનપણું વિશેષ જોવા મળે છે. હરિદ્વાર, મથુરા, અયોધ્યા, પ્રયાગ, ઋષિકેષ, દ્વારિકા, નાસિક, ઉજ્જૈન, મુક્તિનાથ, અમરનાથ, ગયાજી વગેરે તીર્થો તરીકે પ્રસિધ્ધ છે. આપણા શાસ્ત્રોમાં તીર્થયાત્રાનું બહુ જ મહત્વ છે. તીર્થયાત્રા કરવાથી પવિત્ર થવાય છે. આથી જ શિક્ષાપત્રીમાં સ્વંય શ્રી સ્વામિનારાયણ ભગવાને લખ્યું છે ''कर्तव्या द्वारिका मुख्य तीर्थयात्रा यथाविधि'' અર્થાત્ સર્વે જે અમારા આશ્રિત તેમણે દ્વારિકા આદિક તીર્થ તેમની યાત્રા જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાવિધિએ કરીને કરવી.



ક્ષેત્ર એને કહેવાય છે જેમાં ભૂમિનું પ્રધાનપણું વિશેષ હોય છે. જે સ્થાનામાં જતાની સાથે જ ઈન્દ્રિયો,

વિષયોમાંથી વૃતિ સહેજે જ પાછી વળી આવે છે.

શ્રીજી મહારાજે સારંગપુરના ૭ માં વચનામૃતમાં નૈમિષારણ્ય ને લઈને આજ વાત કરી છે. ક્ષેત્રની બાબતમાં નૈમિષારણ્ય ક્ષેત્ર, કુરુક્ષેત્ર, સિધ્ધપદક્ષેત્ર, પુષ્કરક્ષેત્ર, શ્રીરંગક્ષેત્ર વગેરે પ્રસિદ્ધ છે. શ્રીમદ્ સત્સંગિભૂષણ ગ્રંથમાં જેતલપુરને ''નારાયણક્ષેત્ર'' તરીકે પણ વર્ણવવામાં આવેલ છે. ક્ષેત્રને અરણ્ય શબ્દથી પણ વર્ણવવામાં આવે છે. અરણ્યોની સંખ્યા સાત છે. નૈમિષારણ્ય, ચંપારણ્ય, દંડકારણ્ય, ધર્મારણ્ય, કામ્યકારણ્ય, બદ્રિકારણ્ય સિધ્ધારણ્ય.

ધામ એને કહેવાય છે જ્યાં ભગવાનના સ્વરૂપોનું (મૂર્તિઓનું) પ્રધાનપણું હોય, જ્યાં સ્વયં ભગવાન પોતે મૂર્તિમંત વિરાજમાન હોય, જ્યાં પોતે સ્વયંભૂ પ્રગટ થયા હોય અને તે સ્વરૂપોના દર્શન માટે લાખો માણસો ખેંચાઈને આવતા હોય અને દર્શન કરતાની સાથે ભક્તો તથા દીન દુઃખી તમામના ત્રિવિધ તાપ, પાપ બળી જાય અને દર્શન કરનારને પરમ શાંતિનો અનુભવ સહેજે જ થાય. આપણા ભારત દેશમાં ચાર ધામ વિશેષ પ્રસિધ્ધ છે. ઉત્તર ભારતમાં બદ્રીનાથ ધામ જ્યાં સાક્ષાત્ શ્રી નરનારાયણ ભગવાન મૂર્તિમંત બિરાજમાન છે. પૂર્વ ભારતમાં જગન્નાથ ધામ, જેને પુરુષોત્તમના ધામ તરીકે પણ ઓળખવામાં આવે છે. સ્વયં શ્રીકૃષ્ણ ભગવાન જગન્નાથ રૂપે, ભાઈ બળદેવજી, બહેન સુભદ્રાજીની સાથે બિરાજમાન છે. દક્ષિણ ભારતમાં રામેશ્વર ધામ આવેલું છે. જ્યાં સદાશિવની ભગવાન શ્રી રામજીએ સ્થાપના કરી છે. અને પશ્ચિમ ભારતમાં દ્વારિકાધામ આવેલું છે. જ્યાં સ્વંય ભગવાન દ્વારિકાધીશ શ્રી રણછોડરાયજી રૂપે બિરાજમાન છે. જ્યાં જ્યાં ભગવાનની મૂર્તિ પ્રધાન છે તે સર્વે ધામ કહેવાય છે. આપણા સનાતન ધર્મગ્રંથોમાં સાત પુરીઓ પણ ધામ તરીકે ગણવામાં આવી છે. જેમાં ત્રણમાં વિષ્ણુ ભગવાનનું અને ત્રણમાં શિવજીનું પ્રાધાન્ય છે. જ્યારે એકમાં બંનેનું પ્રાધાન્ય છે. અયોધ્યા, મથુરા અને દ્વારિકામાં પ્રાધાન્ય છે ભગવાન વિષ્ણુ હરિદ્વાર, કાશી અને અવંતિકા (ઉજ્જૈન)માં શિવજીનું પ્રાધાન્ય છે. તેમજ સાતમી પુરી કાંચી જે શીવાકાશી અને વિષ્ણુકાંચી તરીકે ઓળખાય છે. જેમાં બંનેનું પ્રાધાન્ય છે.

આપણા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે મૂર્તિયોની સ્થાપના કરી તેવા નવ ધામો પ્રસિધ્ધ છે. જેમાં સ્વંય ભગવાન મૂર્તિમંત સાક્ષાત્ બિરાજમાન છે. અમદાવાદ, ભૂજ, મુળી, વડતાલ, જેતલપુર, ધોલેરા, ધોળકા, જુનાગઢ અને ગઢડા આ નવ ધામો છે. જેનું વર્ણન સંપ્રદાયના મુખ્ય મુખ્ય શાસ્ત્રોમાં વર્ણન કરેલ છે.

અમુક સ્થાનકો એવા છે જ્યાં જળ અને ભૂમિ બંનેનો સમન્વય જોવા મળે છે. જે ''તીર્થક્ષેત્ર'' તરીકે ઓળખાય છે. જે સ્કંદપુરાણમાં ખૂબ જ મહત્વ આપવામાં આવેલ છે. અને એ વાત શ્રીજી મહારાજે વચનામૃતમાં પણ કહી છે.

अन्यक्षेत्रे कृतं पापं तीर्थक्षेत्रे विनश्यति ।

तीर्थक्षेत्रे कृतं पापं वज्रलेपो भविष्यति ॥

(સ્કંદ પુરાણ ૨/૫/૧૭)

અન્ય સ્થળમાં કરેલા પાપ તીર્થક્ષેત્રમાં બળી જાય છે. પરંતુ જે તીર્થક્ષેત્રમાં જઈને પાપ કરે તો તે પાપ વજલેપ જેવું થાય છે. તે પાપ ક્યારેય નાશ નથી પામતું.

જે સ્થાનમાં જળ, ભૂમિ અને ભગવાનની મૂર્તિ એ ત્રણેનો સમન્વય હોય તેને તુલ્ય આ દુનિયામાં બીજુ કશું પવિત્ર નથી. આવી રીતે ત્રણેનો વિભાગ સમજી પછી ત્યાંની યાત્રા કરવામાં આવે તો તે યાત્રા યથાર્થ સફળ થાય અને અનંત પુણ્ય ફળની પ્રાપ્તિ થાય.

**કોટા (રાજસ્થાન) શ્રી નરનારાયણદેવ દેશ તાબાનું નૂતન યાત્રિક ભુવન કાર્યરત છે**

શ્રી નરનારાયણદેવ દેશ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ દેશ તાબાનું કોટા (રાજસ્થાન) નૂતન યાત્રિક ભુવન સર્વોપરી છપૈયાધામ બાય રોડ દર્શને જતા યાત્રિકો માટે રહેવા જમવાની અદ્યતન સુવિધા ઉપલબ્ધ છે. માટે યાત્રિક હરિભક્તોએ અવશ્ય લાભ લેવો.

તેમજ કોટા શહેરમાં અભ્યાસાર્થે રહેતા આપણા વિદ્યાર્થી હરિભક્તોને રહેવા જમવાની સુવિધા આપવામાં આવશે.

: સંપર્ક :

મગનભાઈ : ૯૦૭૯૭૫૧૭૩૭

શ્રી સ્વામિનારાયણ મંદિર, મહાલક્ષ્મીપુરમ
બારા રોડ, સીંધાનીયા સ્કુલ સામે, બોરખંડી
કોટા (રાજ.)

મો. : ૯૭૭૩૨૨૯૬૯૮



# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો

- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

**વચનામૃત (૨૭૩) મહોત્સવ પ્રસંગે તા. ૨૬-૨-૨૦૨૦ શ્રી નરનારાયણદેવના ૧૯૮માં પાટોત્સવની પ્રાસંગિક સભા (કાલુપુર મંદિર) :** શ્રી નરનારાયણદેવ તપ કરે છે અને આપણે લાડવા ખાઈએ છીએ. વડીલ સંતો પાછળ બેઠા છે. અહીં જે કોઈ સંતો-ભક્તો બેઠા છે તેઓ મહારાજના ચરણોમાં બેઠા છે, દેવના થઈને રહ્યા છે **અને તેઓ જ મહારાજની માળાના મણકા છે.** મહારાજને કોઈ પૂછે કે તમે કોની માળા ફેરવો છો ? મહારાજ શું કહેતા ? પોતાને પ્રિય સંતો-ભક્તોના નામ જ બોલતા ને ! દેવનું સાનિધ્ય એ બહુ મહત્વની બાબત છે. **અમે જ્યારે પાટોત્સવના દિવસે મસ્તકને આ દેવના ચરણોમાં સ્પર્શ કરાવીએ છીએ ત્યારે એવી દિવ્ય અનુભૂતિ થાય છે કે જેનું શબ્દોમાં વર્ણન ન થઈ શકે, દુનિયાથી મગજ ખાલી થઈ જઈને એક માત્ર દેવના ચરણોમાં જે દિવ્ય સુખની અનુભૂતિની વાત કરી.** કચ્છ, ઝાલાવાડ, ઉત્તર ગુજરાત, પંચમહાલ, કાઠિયાવાડી ભક્તો તેમજ મારવાડના ભક્તો અહીં એકત્ર થયા છો. **જેઓ દેવના છે તેઓ બધા અહીંયા બેઠા છે. દેવનો મહિમા કહેવો નથી પડતો. એ મહિમા મહારાજે સ્વમુખે કહ્યો છે. દેવના ઉંબરા ઉપર ઉભા રહીને મહારાજ બોલ્યા છે કે આમાં (નરનારાયણદેવ) અને અમારામાં રતિમાત્ર ભેદ જાણશોમાં. પૂર્ણ વિરામ. તેમાં પછી બાદબાકી ના ચાલે. આ ભૂમિ પર મહારાજે રમણ કર્યું. લીલા ચરિત્રો કર્યા, સભાઓ કરી** અને બે સદીથી જ્યાં એ મહારાજનું ભજન, કથાવાર્તાઓ, ઉત્સવો થઈ રહ્યા છે એ પ્રસાદીની ભૂમિ પર આપણને બેસવા મળે છે, આનાથી વધારે ભાગ્યશાળી કોણ હોય ? બે સદી એટલા માટે કે દેવ પધરાવ્યા એ પહેલા પૂર્વ તૈયારી રૂપે મહારાજ પધાર્યા હોય, કથા વાર્તાઓ થઈ હોય, સીધું તુરત જ શરૂ ના થયું હોય ! એટલે ખુમારી રાખવી. **જગતના વાતાવરણની અસર ન થઈ જાય તે તકેદારી રાખવાની છે.**

સ્વામીએ હમણા કોટા મંદિરની વાત કરી ૮૦% કામ પૂર્ણ થયું હોય એ તમારા જ પૈસાથી થયું છે. મંદિર તરફથી મેં જ ચેક ફાડ્યો હતો. તમારા બધાના યોગદાનથી ટીપે ટીપે સરોવર ભરાય છે. અમારે ક્યાંય માંગવા નથી જવું પડતું. તમારા જ પૈસાથી સુવિધા થાય છે. હરિભક્તો જ અમારી મૂડી છે. અને આનાથી પણ મોટી વાસ્તવિકતા કહુ તો **આપણી પાસે બે સ્થાન એવા છે કે જેનો જોટો જડે તેમ નથી. એક તો મહારાજનું જન્મ સ્થાન છપૈયા અને બીજું જ્યાં સંપ્રદાયનો પાયો નંખાયો એવું આ સ્થાન (અમદાવાદ કાલુપુર મંદિર)** અંગ્રેજોએ યુ.કે.માં કેથેલીક કે એવા પ્રકારના અમૂક ચર્ચ માટે જ જમીન આપી છે એ સિવાય વિશ્વમાં ક્યાંય કોઈ દેવાલય માટે જમીન આપી નથી. એ જમીન આપણને મંદિર માટે આપી વળી જ્યાં જોઈએ તેટલી આપી. પછીથી જરૂરિયાત વાળા લોકો જ્યાં જેટલું હાથમાં આવ્યું એટલું લઈ ગયા. તો પણ તમે કલ્પના કરો. જ્યાં આપણો ઉત્સવ ચાલી રહ્યો છે. (પારસનગર) ત્યાં પોણા પાંચસો કરોડથી પણ વધારે કિંમતની જમીન આપણી પાસે છે. તે જમીન માટે પણ કેટલાકે પ્રયત્ન કર્યો પરંતુ અમે જમીન લઈ આવ્યા. જવા ન દીધી. કેમ કે એ અમારા બાપ (સ્વામિનારાયણ ભગવાન)ની જગ્યા છે. અમારું અસ્તિત્વ તેમના થકી છે, તો અમારી જવાબદારીમાં આવે ને ! આજે સુખેથી ત્યાં ઉત્સવ થઈ રહ્યો છે. કારણ કે જગ્યા આપણી છે. આ તો પ્રારંભ છે. બીજી પણ આપણી જમીન હોય એ આપણી પાસે આવશે. **અનીતિનું લેવું નથી. પરંતુ ગેરરીતિથી કોઈએ લઈ લીધું હોય તેને પાછું લેવામાં માનું છું. મહારાજે કહ્યું ને કે કોઈની છાયામાં દબાવું નહીં. શીદને રહીએ કંગાલ સંતો શીદને રહીએ કંગાલ, જન્મ ભૂમિ છપૈયાને ટુરિઝમ ડિપાર્ટમેન્ટ ઈન્ડિયા લેવલે મુકાવી. યાત્રાધામ વિકાસ બોર્ડમાં નહીં. કારણ કે તેમ કરતા એક પથ્થર ખસેડવો હોય તો પણ તકલીફ પડે. પૂછવું પડે.** હા રસ્તા, લાઈટ એ બધી જવાબદારી સરકારની હોય તેઓ કરશે. કારણ કે લોકો ટેક્ષ ભરતા હોય તો સુવિધા મળવી જોઈએ ને ! આ વ્યાજબી

વાત છે. આપણે સ્વાર્થ ન હોય અને પુરુષાર્થ કરવામાં આવે તો દેવની કૃપાથી ઘણા વખતનું બાકી રહેલું કાર્ય ટૂંકા ગાળામાં પટ દઈને પતી જાય છે. આટલું કહી સૌને શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

**મહોત્સવ સ્થળ (પારસનગર) :** અમદાવાદ મ્યુ. કોર્પોરેશનના વેસ્ટ મેનેજમેન્ટ ડાયરેકટર, સેન્ટ્રલ વર્ક શોપના ડાયરેકટર તથા વટવા, બોડકદેવ, પાલડી, ઈસનપુર, સાબરમતી વગેરે વિવિધ બોર્ડના અધિકારીઓને બિરદાવીને પ.પૂ. મહારાજશ્રીએ કહ્યું કે, સ્વચ્છતાનો અભિગમ એ મુખ્ય પ્રવાહમાં જ આવે છે. શિક્ષાપત્રીમાં મહારાજે સ્વચ્છતા અંગેનો શ્લોક લખ્યો છે. **ક્યાં થૂંકવું, ક્યાં ન થૂંકવું, ક્યાં કચરો નાંખવો, ક્યાં ન નાંખવો એટલું જો માણસ સમજી જાય તો સફાઈ કામદારોનું કામ ખૂબ સરળ થઈ જાય. અને એ માનવતાનું સર્વોત્તમ કાર્ય છે.** પછી મંદિરના પગથિયા આવે. માનવતાના લક્ષણો જાળવવાથી જ આગળ બધું ફળીભૂત થાય છે. બધા જ સંતોએ પોતાની શક્તિ, બુદ્ધિ અને કાર્યક્ષમતાથી ભેગા મળીને તેમજ હરિભક્તોની હુંફ, દેવ પ્રત્યેની નિષ્ઠા તથા તન, મન, ધનની સેવાથી અને ખાસ કરીને પડદાની પાછળ રહેલા ભાઈઓ તથા બહેનો જેઓ સેવાના કારણે આ સભા મંડપ સુધી નથી પહોંચી શક્યા અને નરનારાયણદેવ દેશ પાસે બહેનોની એક મોટી ફોજ છે કે જેઓ આપણે ૧૦ વાર મળીએ ને જે કાર્ય કરીએ તેઓ એક સભામાં કરી આપે છે અને સંતાઈને બેઠેલા સાંખ્યયોગી બહેનો તે દરેકને આ મહોત્સવની સફળતા માટે ખૂબ ખૂબ ધન્યવાદ છે.

આ ઉત્સવથી પુરું નથી થતું. એક નવી શરૂઆત છે. આપણે મૂળભૂત સિદ્ધાંતોને ક્યાંક અડી શક્યા છીએ. **મારો ઉપદેશ નહી પરંતુ ઉદેશ્ય એ રહેલો છે કે મૂળિયા પકડો તો ડાળખા એમ જ ઉગશે. લાલજી મહારાજશ્રીએ સાબિત કરી આપ્યું છે કે સમય બહુ મૂલ્યવાન છે. ટૂંકા ગાળામાં તૈયારી, તેવી જ રીતે મહોત્સવ પણ Short & Sweet. જતા દિવસોમાં આની જ કિંમત થવાની છે. બહુ લાંબુ કર્યા વિના ટૂંકામાં જ જો અર્થ મળી રહેતો હોય તો એ વધારે મહત્વનું છે. ભગવાન મળ્યા એ જ આપણો સાચો આનંદ છે અને એ આનંદ ઉત્સવમાં સૌને આવ્યો છે.**

**એપ્રોચ (બાપુનગર) મંદિરના ૧૫ માં પાટોત્સવ પ્રસંગે તા. ૦૭-૦૨-૨૦૨૦ :** ઠાકોરજીના દર્શન થયા, અભિષેકનો લાભ મળ્યો, તમે સૌ મળ્યા એટલે આનંદ થયો. **આખી જીંદગી લોકોના છાંટણા લીધા હોય ત્યારે અહીં તો ભગવાનનાં છાંટા ઉડે એનાથી અધિક શું હોય !** (એક હરિભગતે મોબાઈલથી ફોટો પાડ્યો તેને અનુલક્ષીને કહ્યું કે) હવે આ તો લીગલ થઈ ગયું છે. પાડ, પાડ ના નથી પાડતો ભગવાનનું કંઈ હોય ને મારાથી ના ન પડાય. પરંતુ એક વાત યાદ આવે છે. કેમેરા નવા શોધાયેલા ત્યારે એક ભાઈ કાશ્મીર, સીમલા અને મસુરી બધે ફર્યા. સારું હતું મોબાઈલ શોધાયા નહોતા. ચારે બાજુ ફરીને ફોટા પાડ્યા. પાછા આવ્યા ત્યારે બધા પૂછે ક્યાં ક્યાં જઈ આવ્યા, શું જોયું ? પેલા ભાઈ કહે કેમેરામાંથી નીકળે પછી કહું. એટલે મોબાઈલમાં જ ન રહી જાય એ ખ્યાલ રાખજો. **હરિને હૈયામાં રાખવાના છે એના માટે આ મહેનત છે અને એના માટે આ મંદિરો ઉભા કર્યા છે અને આગળના વિસ્તારમાં ઉભું કરવું છે.** પરંતુ આંકડા બહુ મોટા આવે છે. આ કાઠિયાવાડી હરિભક્તોએ ભાવ બહુ વધારી નાંખ્યા છે. કાઠિયાવાડથી અહીં આવીને વસ્યા. પુરુષાર્થ કર્યો. દેવને ભૂલ્યા નહીં, રાખ્યા. દેવનું પ્રાધાન્યપણું રાખ્યું એ મોટી વસ્તુ છે. **દુનિયામાં બાકી બધું, ઘણું બધું હચમચી જાય છે પરંતુ ભગવાન સનાતન છે અને રહેશે. આ સનાતન સત્ય છે.** ? ૨૫ વર્ષ પહેલા (રજત સુવર્ણ જયંતી મહોત્સવ) રાત્રે દોઢ વાગ્યે તમે સૌ ભાઈઓ અને બહેનો લીંપણ કરતા હતા એ યાદ આવે છે ? **આપણી ઉન્નતિ અને પ્રગતિમાં સેવા એ બહુ મોટું કામ કરે છે. માત્ર આર્થિક સેવા નહી, દેહથી પણ ખૂબ મોટી સેવા થાય છે.** આપણું આ મંદિર વાળનારા, સાફ સફાઈ કરનારા કોણ કોણ છે ? આવો, હાર પહેરાવીએ આ બધી મૂળની (પાયાની) સેવા છે અને આ સેવા કરનારા બધા સભામાં પાછળ બેઠા છે. **જેઓ મંદિરમાં પોતા મારે છે તેઓ પોતા અહીં નથી મારતા પરંતુ પોતાના જન્મ મરણ ઉપર પોતા મારે છે.** ૭૦ વર્ષની ઉંમરે આ હરિભગત ઉપર ચડીને પંખા સાફ કરે છે એ તો ખેતરમાં ઢેફા ભાંગ્યા હોય ત્યારે આ કામ થાય. આપણા જેવા તો ખરી પડે ! જેટલા સાફ સફાઈ વાળા છે એ બધા આવી જાય. આ ઉત્સવ સરસ થયો. **દેવનું સ્થાન ચોખ્ખું રાખનારા પર અમારે હેત છે. દેવના છે એ અમારા છે.** બાળ નગરીમાં સેવા કરનારા સભાને અંતે ઠાકોરજીની બાજુમાં ઉભા રહીને અમે સાથે ફોટો પડાવીશું. **અગાઉના ઉત્સવોમાં તમે સૌએ જે લીંપણ કર્યા છે એ પણ જન્મ મરણ ઉપર લીંપણ થયા છે. પોતાપણું મનાયું હોય ત્યારે આવી સેવા થાય છે.** સત્સંગિજીવન, વચનામૃત આદિક ગ્રંથોમાં મહારાજે પોતાપણું રાખવાનું અને કેળવવાનું શીખવાડ્યું છે.

અહીંયા જરીક કચરો પડ્યો હોય અને એ ઉપાડવાનું મન થાય તો એ પોતાપણું છે. બહુ સરળ વ્યાખ્યા છે. ગૂંચવણ ભર્યું કંઈ છે જ નહિ ! ઘેર ક્યાંય પડ્યું હોય તો કરીએ છીએ ને ! આ મંદિર પણ આપણું ઘર છે એ કેળવણી કરવાની છે. તમારી બધાની સેવા છે જ ! વર્ષોથી જોઈએ છીએ. બહેનો ગાદીવાળાની સાથે રહી સેવા કરે છે. ઘરની જવાબદારી સંભાળતા સંભાળતા સમય કાઢીને સત્સંગ અર્થે ગામડાઓમાં જવું અને સેવા કરવી આનાથી વિશેષ ત્યાગ ક્યાં શોધવા જવો ? ઘેર તાળું મારીને, કોઈને સોંપીને, કંઈક મૂકીને આવીએ ત્યારે પહોંચાય છે. કંઈક મૂકવું પડે અને એ ગળથૂંથીમાં આવ્યું છે. એટલા માટે થાય છે અને આ વારસો, આ સંસ્કાર ભાવિ પેઢીમાં આપવાની જવાબદારી આપણી છે.

વાત મોબાઈલથી શરૂ થયેલી, હકીકતમાં સમય બહુ ટૂંકો છે. પરંતુ જેઓને તેની કિંમત નથી તેઓ મોબાઈલમાં એટલા ઓતપ્રોત રહે છે કે આખો દિવસ અને રાત્રે મોડે સુધી મોબાઈલ દબાવતા રહે છે. તમે જોયું હશે ને ? કેટલા બધા સેલ્ફી લેતા હોય છે ! ન જાણે શું કરતા હશે તેનું ? હું વસ્તુના વિરોધમાં નથી. **પણ પોતાપણું ભગવાનમાં રહે એ જ છેડો છે.** ભગવાન, ભગવાનના ભક્ત અને સત્સંગ પ્રત્યે પોતાપણું રહે એ જ મહત્વનું છે. **ભગવાન કે ભગવાનના ભક્તનો દ્રોહ થાય તો તેને અડધો વિમુખ જાણવો. મહારાજના શબ્દો છે. અને મહારાજના શબ્દોને હું પૂર્ણ વિરામ માનું છું. ત્યાં અલ્પ વિરામ ના આવે. મહારાજના વચનમાં બાદબાકી ન હોય. ન જોડવાનું હોય કે ન તોડવાનું હોય ! મહારાજે કીધું એટલે પૂર્ણ અને ફાઈનલ** આપણો આ પરિવાર છે એના પ્રત્યે પોતાપણું રાખવું. પૂર્ણ કોઈ નથી. સ્વભાવ પ્રકૃતિથી પર કોઈ નથી. પૂર્ણ હોય એ સિંહાસનમાં બેઠા હોય. **માત્ર એક ભગવાન સ્વભાવ પ્રકૃતિથી પર છે.** બધાને સ્વભાવ નડે છે. પરંતુ ધીરે ધીરે સત્સંગના ઘસારે ઘસાતા ઘસાતા સ્વભાવ પ્રકૃતિથી ઉપર ઉઠવાનું છે. આ મહારાજના વચનો છે, શબ્દો છે.

મારા કબાટમાં એક પાંચિયું (પાંચ પૈસા) ચોંટાડીને રાખ્યું છે. નાનો હતો ત્યારે એક ગામડે ગયો હતો ત્યાંથી આવ્યું હતું. ઘણાંએ તો આમાંથી પાંચિયું જોયું પણ નહી હોય ! મોટા બાપજી પણ દ્વિશતાબ્દીમાં આવેલી ૧ રૂપિયા ની નોટ પ્લાસ્ટીકમાં સિવેલી રાખે છે. એ પાંચિયું જે સમયે આવ્યું, આજે દેખાય છે ? તે સમયે એની કિંમત હશે ને ! પાછળની દુનિયા કોઈ નથી જોતું. આજે સહેલાઈથી મળી ગયું છે. માટે એ પાંચિયા પાછળ કેટલો પુરુષાર્થ કર્યો હશે, કેટલો પરસેવો પાડ્યો હશે કે લોહી રેડ્યું હશે, ખેતરમાં પાણી વાળ્યું હશે ત્યારે પાંચિયું કમાયા હશે. સાચવીને રાખવાની તથા સાચી જગ્યાએ વપરાય એ જોવાની અમારી જવાબદારી છે. આપણો વહીવટ પારદર્શક છે. ૦.૩૦ પૈસા સુધીનો હિસાબ અમે વહીવટમાં રાખીએ છીએ. તેના આંકડા આપી શકું છું. કારણ કે તમારા લોહી પરસેવાના રૂપિયા છે. અને તેની ચમક આ મંદિરની દિવાલો પર દેખાય છે. **તમારી શ્રધ્ધા, વિશ્વાસ, ભજન અને પોતાપણું તેની Smile (સ્મિત મંદ હાસ્ય) અને તેજ ભગવાનના મુખારવિંદ ઉપર દેખાય છે. બાકી મહારાજનો સ્વભાવ કેવો છે ? એક રૂમાલભાર વજન પણ પોતાને ગમે નહિ.** ઘેરથી નીકળ્યા ત્યારે શાસ્ત્રનો એક નાનો ગુટકો અને બીજા શાલિગ્રામ ભગવાન એટલું લઈને નીકળ્યા, પુસ્તક તો સરયુમાં ખોવાઈ ગયું. શાલિગ્રામ રહ્યાં અને અમે તમને સૌને યાદ કરતા કરતા એ શાલિગ્રામનું નિત્ય પૂજન કરીએ છીએ. શાલિગ્રામ ભગવાનને અભિષેક કરતા કરતા પ્લાનિંગ થાય ને ! પૂજા પાથરો એટલે આખા દિવસનું પ્લાનિંગ થાય ! સ્વીકાર કરવું એ પણ તાકાતની વસ્તુ છે.

આપણા આ વિસ્તારમાં ઘણા મંદિરો છે. નિકોલ બાજુ અસંખ્ય ભક્તજનો રહે છે. તેઓ પણ મંદિરથી વંચિત ન રહી જાય તે માટે આગામી મહોત્સવમાંથી બચત થાય કે ન થાય, મંદિર કરી દઈશું, મહારાજે મંદિરો કર્યા ત્યાર પછીનો મહારાજે શુકાનંદ સ્વામી પાસે લખાવેલો એક કાગળ મારા હાથમાં આવેલો. હસ્ત લિખિત પત્ર છે. તેમાં મહારાજે જે લખાવ્યું છે તે વાંચી આશ્ચર્ય થાય. ભાગ્યે જ સાંભળવા મળે. લખ્યું છે કે, હવે કોઈ મંદિર કરવા નહિ, હરિભક્તોનો આગ્રહ હોય તો ધનાઢ્ય હરિભક્તોને દુરાગ્રહ કર્યા વિના સુખેથી ભજન થાય એવું સ્થાનક કરવું. ત્યાં શિક્ષાપત્રી પધરાવવી અને નરનારાયણદેવ પધરાવવા. બહુ બનાવીએ તો આસક્તિ થાય. પણ સારું છે આજે એ જ શિક્ષાપત્રીમાં લખાયેલા મહારાજના વચનોને સાર્થક કરવા જ મહારાજના આ મંદિરો થાય છે. જ્યાં સુધી લક્ષ્ય અને સિધ્ધાંત જળવાય રહે ત્યાં સુધી જેટલો વિસ્તાર થાય તેનો વાંધો નથી. **સિદ્ધાંત બીજો કોઈ નથી, એક જ સિધ્ધાંત છે કે ભગવાનના સિંહાસનમાં ભગવાન જ બેસશે.** હૈયામાં આજે મળ્યું છે તે મુકાય નહિ તેની તકેદારી રાખવાની છે. આ વાત તમારે આગળ લઈ જવાની છે. ટી-શર્ટ પુરતું સિમિત ન રાખતા તિલક ચાંદલો હૈયા સુધી ઘુસી જવો જોઈએ.

(અનુ. પેજ નં. ૧૭ ઉપર)

# અતિ સુંદર આશીર્વાદ

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ (અમદાવાદ)

ભગવાન શ્રી સ્વામિનારાયણે બંધાવેલ નવ મંદિરોમાંના એક મંદિરમાં, સદીની પૂર્ણાતાના આરે પહોંચેલા એક વયોવૃધ્ધ સંત, શરીરમાં અતિશય વેદના હોવા છતાં પણ સ્વસ્થ ચિત્તે પોતાના આસને બેસીને એક ચિત્તે શાંતપણે ભગવાન શ્રીહરિના ધ્યાનમાં બેઠા છે. બાજુમાં જ તેમની સેવામાં રહેલા ભગત ભક્ત ચિંતામણીનું ગાન કરી રહ્યા છે. અને તે સમયે અમદાવાદથી બે-ચાર સંતો અને પાર્ષદો તે વયોવૃધ્ધ સંતની માંદગીના સમાચાર જાણીને તેમના દર્શને ત્યાં આવ્યા. દંડવત્ પ્રણામ કરીને દેવની પ્રસાદીની પુષ્પમાળા તેમને અર્પણ કરીને પછી ત્યાં બેઠા.

તે સમયે હરિભક્તે તેમને બે હાથ જોડી નમસ્કાર કરી અને કહ્યું કે સ્વામી ! અમને તમારા જેવો સત્સંગનો રંગ રહે, ભક્તિમાં ઉત્તરોત્તર વધારો થાય, દેવ અને ધર્મકુળ પ્રત્યે અચળ નિષ્ઠા રહે તેવા આશીર્વાદ આપો. પોતે બોલી શકવા અસમર્થ હોવા છતાં પણ સ્વામીએ ધીમેથી કહ્યું કે, ભગત ! આપ ક્યો મોબાઈલ વાપરો છો તે બતાવો ! ભગતે તેમનો સ્માર્ટ ફોન કાઢીને બતાવ્યો. સ્વામી એટલું જ બોલ્યા કે ભગત ! આ ફોનને બદલે સાદો બટનવાળો ફોન વાપરો તો ઠીક. માત્ર ફોન બદલવાથી જ તમારી ભક્તિ અને નિષ્ઠામાં કાંઈ વિઘ્ન આવશે નહિ !

આ જગતમાં લગભગ એક સદીને આરે પહોંચેલા આ નિષ્ઠાવાન સંતની વાણી અને આશીર્વાદ આજે લગભગ દરકે યુવાનને સાચો અને સારો રાહ ચિંધે છે. સ્માર્ટ ફોનના ઉપયોગ માટેનો સ્માર્ટ જવાબ છે આ ! આ વયોવૃધ્ધ સંત ટેકનોલોજીના વિરોધી નથી પણ તેના ઉપયોગની બાબતે ચિંતા વ્યક્ત કરે છે. તેમણે ફોન ન જ વાપરશો એમ ન કહ્યું પણ વિવેકપૂર્ણ રીતે કેવી રીતે વપરાય તેની વાત કરી. ફોન તો સગવડતા માટે રાખવો પણ ફેશન અને ફેલફતુર માટે નહિ. મોબાઈલ ફોન અને ઈન્ટરનેટ એટલે દુનિયાને નાની બનાવીને ખિસ્સામાં રાખવાની ઘેલછા. દુનિયાના ગમે તે સ્થળે, ગમે તેમ, ગમે ત્યારે ડાહ્યા માણસ જાય નહિ. તેમ ફોનમાંથી પણ ગમે ત્યારે ગમે તે દુનિયા જોવાય નહિ.

ગ.પ્ર. ૧૮ માં વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે ઝાઝો વાંક તો પાંચ જ્ઞાનેન્દ્રિયોનો છે. પંચઈન્દ્રિયો દ્વારે જીવ જે આહાર કરે છે તે આહાર જો શુધ્ધ કરશે તો અંતઃકરણ શુધ્ધ થાશે અને અંતઃકરણ શુધ્ધ થાશે તો અખંડ ભગવાની સ્મૃતિ રહેશે. જે કંઈક વિવેકી હોય તેને તો આ વાત તુરત જ સમજ્યામાં આવે.

સંપ્રદાયના સંતોની આ જ મહત્તા છે કે ધર્મ પાળવાનો ખટકો કેમ રખાય તેની સ્પષ્ટ વાત હરિભક્તોને જણાવે છે. એક સાદો નિયમ છે કે જોયેલાને વિસારી દેવું ઘણું કઠણ છે. તેથી ન જોવું એ જ સુખી થવાનો ઉપાય છે. સંપ્રદાયનો ઈતિહાસ ગવાહી પૂરે છે કે આત્માનંદ સ્વામી વર્ષો પછી પણ બાઈએ કરેલું લટકું ભૂલ્યા ન હતા. તેથી આપણે ખબડદાર થઈને રહેવું. બિનજરૂરી જોવા-સાંભળવાનું ટાળવું. ભક્તિ-દર્શનના ઓઠા હેઠળ સ્માર્ટ ફોન જો વિષયનું ચિંતવન કરાવતો હોય તો તે મૂકીને સાદો ફોન વાપરવાની ભલામણ આ વયોવૃદ્ધ સંતની અનુભવ વાણી છે.

જુના સંતોની આ દીર્ઘદૃષ્ટિ છે કે, દૃષ્ટિ અને રસના (જીભ)ને નિયમમાં રાખો એટલે અંતરમાં ખોટું પેસે જ નહિ. ખોટી વસ્તુ અંતરમાં પેસી જાય પછી એને કાઢવી અઘરી છે. તેના કરતાં તે પેસે જ નહિ તેમ કરવું તે સહેલું છે. સંપ્રદાયમાં વિવેક વર્તનની રીતિ પણ સમજો. આ લોકમાં કોઈ મનુષ્ય માંદો થાય એટલે સગા-વહાલા તેની 'ખબર જોવા' જાય ત્યાં ભીડ ભેગી કરે અને બીજા માણસોની 'ખબર લઈ' નાખે ! હરિભક્ત હોય તે જ્યારે બીજા માંદા સંત કે હરિભક્તને જોવા જાય ત્યારે તેના 'દર્શન કરવા' જાય. કારણ કે જેમ મોટા રાજાનો મોટો મહેલ હોય તે વારે વારે જોવા ન મળે તેમ અક્ષરધામના જીવનો આ શરીર રૂપી મહેલ ફરી વારે જોવા મળે નહિ તેથી તેના દર્શને જાય. મોટેરા સંત કે ધર્મવંશી આચાર્યશ્રી જ્યારે અન્ય કોઈ માંદા સંત-હરિભક્તને ત્યાં જાય ત્યારે તે 'દર્શન આપવાને' જાય. કેમ કે આચાર્યશ્રી તો શ્રીજીનું અપર સ્વરૂપ છે. આમ ક્રિયા એક સરખી જણાય પણ તેના ભાવમાં ઘણો જ ફેર છે.

આ બ્રહ્માંડમાં અનંત કોટી જીવો છે પણ દરેકનું પ્રારબ્ધ જુદું જુદું છે. કારણ કે કર્મ જુદા જુદા છે. કોઈ પણ બે વ્યક્તિનો ચહેરો-દેખાવ એક સરખો ન જ હોય. તેમ મુક્તના ભૌતિક દેહ પણ સરખા ન હોય પરંતુ અંતિમ અવસ્થાએ જે જીવ અક્ષરધામમાં થોડા વખતમાં જ જવાનો છે તેણે કેવા પંચ ભૌતિક દેહ વડે ધર્મકાર્યો કર્યા તેની સ્મૃતિ રહે તે હેતુથી તેમના દર્શને જવું અને જરૂરી સેવા કાર્યમાં ઉપયોગી થવું.

**સહેલી છે સૌ કથવી કહેણી અને મહા દુષ્કર છે રહેણી ।**
**ખરી પરીક્ષા ન થઈ નિદાન, અસંતને સંત દીસે સમાન ॥**

(હરિલીલામૃત કલશ-૭, વિશ્રામ-૭૦)

આ અતિ સુંદર ઉપદેશ અને આશીર્વાદ આપનાર સંતે તેમના આટલા મોટા દીર્ઘાયુષી જીવન દરમ્યાન ક્યારેય સ્માર્ટ ફોનનો ઉપયોગ નથી કર્યો તેમ છતાં પણ જીગતના અર્વાચીન પ્રવાહોથી તેઓ સુપેરે વાકેફ છે. મંદિરના સભા મંડપમાં જ નિયમિત રીતે, નિયત સમયે અનેક વર્ષો સુધી કથાવાર્તા કરનાર આ સંત જ આવી સ્પષ્ટ ઉપદેશાત્મક વાણી ઉચ્ચારી શક્યા છે. કોઈપણ ટેકનોલોજી ખરાબ નથી પણ તેના ઉપયોગ વખતે આપણે ક્યાં અટકવું એ શીખી લેવું આજના યુગમાં ખૂબજ જરૂરી છે. વ્યક્તિને ક્યાં ટકવું, અટકવું, ક્યાંથી છટકવું અને ક્યાં લટકવું એટલું જો આવડી જાય તો કશો વાંધો આવે તેમ નથી. ધર્મમાં ટકવું, અધર્મના રસ્તે અટકવું, વિષય-વાસનામાંથી છટકવું અને દેવ-આચાર્ય પાછળ લટકવું એટલું શીખી રાખવું.

અંતમાં સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીના શબ્દો ચોસઠ પદી,

**પણ જાવું જેને પ્રભુજી પાસે, તેને કરવો તપાસ રે ।**
**અંતર બીજો તજીવો આશે, થઈ રહેવું હરિના દાસ રે ॥**

તપસ્વી, વયોવૃધ્ધ અને નિષ્ઠાવાન ધર્મનિષ્ઠ સંતના આ આશીર્વાદની વાણી, સૌ હરિભક્તો હૃદયમાં વિચારીને ધારજ્યો અને રાજી રહેજ્યો.

અનુ. પેજ નં. ૧૫ નું ચાલું

મુક્તાનંદ સ્વામીએ મહારાજને પ્રથમ Reject (નાપસંદ) કરેલા. પછી એ જ સ્વામીએ મહારાજના સાચા અર્થમા શિષ્ય બનીને આરતીમાં લખ્યું કે, પુરુષોત્તમ પ્રગટનું જે દર્શન કરશે. **અહીં પ્રગટ શબ્દ ભૂતકાળ નથી. વર્તમાન છે. આના પર કલાક બોલાય, પરંતુ આજુબાજુનું નહી, ભગવાનનું પ્રગટ જાણીને લખાયું છે. કોઈના કહેવાથી લખાતું નથી.** એ જ પંક્તિમાં આગળ લખ્યું, કાળ, કર્મથી છૂટી, કુટુંબ સહિત તરશે. વિવેચન કરીએ તો સવાર ટુંકી પડે. **કાળ કર્મથી છૂટ્યું છે કોઈ ? દેખાડો. પરંતુ અહીં તો ગેરંટી મુક્તાનંદ સ્વામીએ મહારાજ વતી લીધી છે. અગાઉ કરેલા કૃત્યો માફ ! વળી આપણું જ નહિ, કુટુંબ સહિત તરશે.** મહારાજની ચેષ્ટાના પદો જુઓ. **આપણી પાસે જે સાહિત્ય છે એ દુનિયામાં ક્યાંય નથી. તેનો ગર્વ રાખવો. બીજી ગર્વ લેવા જેવી બાબત એ છે કે સંપ્રદાયના ઉત્થાન માટે અંગ્રેજ સરકારે આપણા કાલુપુર મંદિર માટે સામે ચાલીને જમીન આપી.** પ્રથમ ૯૯ વર્ષના ભાડા પટ્ટે આપી. પરંતુ સમાજમાં જે કહેવત પ્રચલિત છે. મારે નથી કહેવી, એ મુજબ આપણે જો આજે આટલા પાકા હોઈએ તો આપણા ગુરુ, આપણા ભગવાન કંઈ બાકી હોય ! મહારાજ કહે, અમારે ન જોઈએ જમીન ! આપવી જ હોય તો સૂર્ય ચંદ્ર તપે ત્યાં સુધીનું દસ્તાવેજી લખાણ બ્રિટન મોકલીને રાણીની પરવાનગીના સહી સિક્કા સાથે અમને આપજો. જમીન આપણને આપી રેલ્વે સ્ટેશનની જમીન પણ આપણી નીચે હતી. પણ આ તો Democratic Country (લોકશાહી દેશ), લોકો કહે છે તેમ. પણ પછી મહારાજે નરનારાયણદેવ પધરાવ્યા અને ત્યાંથી શરૂઆત કરી.

મહારાજ છપૈયાથી નીકળ્યા પછી કેટલું વિચરણ કર્યું, કેટલા ગામડા ફર્યા ! તાકાત છે આપણી ! હાલમાં સુવિધા હોવા છતાં કોઈ માણસ આટલું ફરી શકે નહિ. પરંતુ મહારાજે આ દાખડો આપણા માટે કર્યો છે **એટલે જ મહારાજે કહ્યું છે કે ભલા થઈને અમારા દાખડા સામે જોજો, અમારો દાખડો સફળ કરજો. તમારે અને મારે આટલું જ કરવાનું છે.**

ચારકે મહિના પહેલા ૩૦ ના મહિનામાં આપણે ૩૧ પ્રતિષ્ઠાઓ કરેલી છે. શું ગર્વની વસ્તુ નથી ? બધા જ મંદિર દેવના દસ્તાવેજી. દેવનું ન હોય તો હું પ્રતિષ્ઠાની તારીખ આપતો નથી દેવનું હશે તો હું મંદિરથી કોરો ચેક આપું છું. આ વાસ્તવિકતા છે. આપણી સમૃધ્ધિ દેવ છે. શાસ્ત્ર છે. આવા રૂપાળા ભગવાન છે. ખામી હોય તો આપણા મનની છે. ઘણા કહેતા હોય છે, હવે પહેલા જેવું નથી રહ્યું. હકીકતમાં પહેલા જેવો તું નથી રહ્યો મને તો ક્યાંય ઉણપ લાગતી જ નથી. ઉણપ લાગે તેને એક ઉપવાસ કરવો, ફરાળી લોટનો નહીં.

સ્વયં સેવકોને સ્મૃતિ ભેટ તરીકે ઘડિયાળ જોઈને તેના પરથી વાત કરી કે, ઘડિયાળ બહુ ઉપયોગી છે. એક સેકન્ડ ગઈ એ પાછી મળે છે ? માટે સમયનો સદુપયોગ કરવાનું શીખજો. જીવન બહુ ટૂંકું છે. શાસ્ત્રોના માધ્યમથી તારણ શું કાઢવું એ આપણા હાથની વાત છે. ટાણું જતું રહે પછી ક્યાં મળે છે ? અંતમાં સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ



હાલમાં કોરોનાના કપરા કાળમાં સરકારશ્રીના આદેશ અનુસાર દરેકે મોઢા પર માસ્ક પહેરવું કાયદેસર અનિવાર્ય છે. (ના પહેરો તો ૨૦૦ રૂા. દંડ ભરવો પડે) આપણા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ દ્વારા પણ પ.પૂ.મોટા મહારાજશ્રીના હસ્તાક્ષરમાં શિક્ષાપત્રીના ૧૧૯ માં શ્લોકની પંક્તિ અંકિત કરેલ માસ્ક પ્રકાશિત કરેલ છે.




સામાન્ય લોકો માટે માસ્ક ધારણ કરી કે છીંક - ઉધરસ આવે ત્યારે મોં આડો રૂમાલ રાખવાની આખી ઘટના પ્રથમ વખતની હશે પરંતુ આપણા સંપ્રદાયમાં શ્રીજી મહારાજના સમયની આ પરંપરા છે. ચેષ્ટાના પદોમાં તેની નોંધ છે. ... **"છીંક જ્યારે આવે રે, ત્યારે રૂમાલ લઈને,**

**છીંક ખાય રે મુખ પર આડો દઈને...."**

અને શ્રીજી મહારાજ એ જે મુખ પર આડો રૂમાલ દઈને છીંક ખાતા તે રૂમાલ આપણા મ્યુઝિયમના હોલ નંબર - ૧ માં દર્શનાર્થે રાખેલ છે. જ્યારે મ્યુઝિયમ પૂર્વવત ચાલું થાય ત્યારે અવશ્ય દર્શન કરશો.

- પ્રફુલ ખરસાણી

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન** (ફક્ત વોડાફોન ધારકો માટે)
પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.
મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ મહાપૂજાની યાદી

**માર્ચ-૨૦૨૦**

| | |
|---|---|
| તા. ૦૧-૦૩-૨૦૨૦ | પ.ભ. આશિષ કનુભાઈ મીસ્ત્રી - નવા વાડજ |
| તા. ૦૫-૦૩-૨૦૨૦ | પ.ભ. કરશન રામજી જેસાણી - યુ.કે. |
| તા. ૧૫-૦૩-૨૦૨૦ | પ.ભ. હિરલ પાર્થ સોની - જયેન્દ્રભાઈ ચુનીલાલ સોની - રાણીપ |

**જૂન-૨૦૨૦**

| | |
|---|---|
| તા. ૧૭-૦૬-૨૦૨૦ | પ.પૂ. મોટા મહારાજશ્રી તરફથી |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ

| | |
|---|---|
| રૂા. ૫,૦૫,૩૮૮/- | અ.નિ. સામબાઈ ડાહ્યાલાલ ગામી - સ્ટ્રેધામ-યુ.કે. |
| રૂા. ૩,૬૭,૦૧૦/- | લુમવાના પ્રીમીઅર રિસોર્ટ - મોમ્બાસા-આફ્રિકા |
| રૂા. ૩,૬૪,૪૪૦/- | અમીસ લીમીટેડ - મોમ્બાસા-આફ્રિકા |
| રૂા. ૩,૩૭,૩૪૯/- | નોર્થ વેસ્ટર્ન યુનિવર્સિટી કોલેજ ઓફ સાયન્સ એન્ડ એપ્લાઈડ સાયન્સીસના ડાયરેકટર ભીમજીભાઈ માવજીભાઈ પટેલ - મોમ્બાસા-આફ્રિકા |
| રૂા. ૨,૨૦,૦૦૦/- | પ.ભ. કરશન જીણા રત્ના જેસાણી, ધ.પ. રતનબાઈ સુત ભીમજી ધ.પ. ધનબાઈ, પુત્રી રાધાબેન, પ્રેમીલાબેન તથા શર્મિષ્ઠાબેન, પૌત્ર ઉમંગ, ધ.પ. દીનાબેન, પપૌત્રી સોહિની તથા પરપૌત્ર દેવેશ, ધ.પ. ચાંદનીબેન, પરપૌત્ર હયન, પૌત્રી કૌશલ્યા અને પૌત્રી ફાલ્ગુની, ભાવિક કેરાઈ સહ પરિવાર બળદીયા (કચ્છ). |
| રૂા. ૨,૨૦,૦૦૦/- | પ.ભ. પરબત કાનજી વરસાણી ધ.પ. પ્રેમીલાબેન, સુપુત્રી સાં. પ્રિયાબાઈ સુત નમન ધ.પ. મનીષાબેન પૌત્રી મોક્ષવી અને પૌત્ર વેદ સહ પરિવાર (ભુજ-કચ્છ). |
| રૂા. ૨,૨૦,૦૦૦/- | પ.ભ. કાંતિલાલ માવજી ખીમાણી ધ.પ. શર્મિષ્ઠાબેન સુપુત્રી નેહા અને શૈલી સહ પરિવાર (દહીંસરા-કચ્છ) |
| રૂા. ૧,૦૦,૦૦૦/- | સૌમીલ શાહ, અર્ચના શાહ, કેરવ શાહ - યુ.એસ.એ. |
| રૂા. ૧૧,૧૧૧/- | અ.નિ. ગીતાબેન બળદેવભાઈ પટેલ પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે - હ. હાર્દિક સુહાગીયા તથા બળદેવભાઈ પટેલ - નવા નરોડા. |
| રૂા. ૫,૧૧૧/- | પ.ભ. મુકુંદભાઈ ચૌધરી - એલ.એ. અમેરિકા |
| રૂા. ૫,૦૦૦/- | પ.ભ. મીનાબેન કે. જોષી સહ પરિવાર - બોપલ. |
| રૂા. ૫,૦૦૦/- | પ.ભ. અતુલભાઈ ભાનુપ્રસાદ પોથીવાલા - મેમનગર. |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે**
**શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા**
**૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com**



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સદ્‌ભાવ સાથેનું સમર્પણ

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

જેતલપુરના જીવણ ભક્ત એમને કોણ ના ઓળખે ! સ્થિતિ બહુ ગરીબ હતી. ધનથી ગરીબ હતા પણ મનથી બહુ સુખી. ઘણાં માણસો તનથી સુખી હોય છે પણ મનથી ગરીબ હોય છે. ઘણાની પાસે સંપત્તિ હોય છતાં એના મોંઢાં સામે જોઈએ તો એમ લાગે કે કેટલાયં દુઃખી હશે. ખાધે પીધે સુખી હોય પણ એના મોઢાં ઉપર આનંદ જ ન હોય. ન જાણે શું લખાવીને આવ્યા હશે ? શાના ઉપર સહી કરાવીને આવ્યા હશે એ તો એજ જાણે.

પણ આ જીવણ ભક્ત એવા નહોતા. ધનથી બહુ ગરીબ, એમની જોડે પૈસા નહીં પણ મનથી બહુ સમૃદ્ધિવાળા, સદાય આનંદવાળા, એમનો સંકલ્પ હતો કે મહારાજને હું પણ કંઈક જમાડું પણ મુંઝવણ હતી. જમાડવાનું એ સાચું પણ શું લાવવું ? ચણાની દાળ લાવવા જેટલાં પૈસા નથી, ઘીને ખાંડ ખરીદવા જેટલી શક્તિ નથી. મનમાં મુંઝવણ થઈને ઘરમાં આવીને વાત કરી પોતાના પત્નીને. પત્નીનું બીજું નામ છે બુદ્ધિ, જ્યારે ભાઈ સાહેબ મુંઝાય ત્યારે બુદ્ધિનો પુરવઠો પુરો પાડવો એ એમનું કામ છે. એ કહી દે કે એમાં મુંઝાવ છો શું ? આમ કરોને. અને એ ભાઈ તૈયાર થઈ જાય. એટલે આપણા ધર્મશાસ્ત્રોમાં પત્નીને ''બુદ્ધિપ્રદા'' એટલે કે બુદ્ધિનો પૂરવઠો પુરો પાડનાર એમ કહ્યું છે. જો મુંઝવણમાં પણ એ સાનુકુળ હોય તો. ઘરમાં પછી વિરોધ પક્ષ જેવું ચાલતું હોય તો ઠેકાણું જ ન પડે. સત્કર્મમાં બુદ્ધિથી સહકાર આપે, વાણીથી સહકાર આપે એનું નામ ધર્મપત્ની.

જીવણ ભક્તે તેમની પત્નીને વાત કરી કે શું કરીશું ? ઈચ્છા થઈ છે મહારાજને થાળ જમાડવાની. એટલે તરત જ એમના પત્ની કહે છે, બહુંં સારું. આનંદની વાત છે. આનંદની વાત તો ખરી પણ શું કરીશું ? આપણી પાસે સીધું ખરીદવા જેટલી શક્તિ નથી. ઘરમાં કશું છે નહીં. પત્ની કહે છે, એમાં મુંઝાવ છો શું ? જે દેહને એ દેવને. આપણા ઘરમાં મઠ છે જ. હું હમણાં દળી નાંખું છું. અને વહેલી સવારે રોટલા બનાવી આપીશ. ના...ના...ના... મઠના રોટલા કંઈ મહારાજને જમાડાય.

તો આ ભક્તના પત્ની કહે છે, એમાં શું ચિંતા કરો છો? તમે કથામાં જાવ છો. પણ કશું સમજીને સાંભળતા નથી લાગતાં. કોઈ દાડો સાંભળ્યું નથી કે સુદામાના તાંદુલાય ભગવાનને મીઠા લાગ્યા હતા. શબરીનાં જુઠ્ઠા બોર પણ એમને મીઠા લાગ્યા, વિદુરજીની ભાજીયે એમને બહુ સ્વાદિષ્ટ લાગી હતી. તો શું આપણો મઠનો રોટલો એમને નહી ભાવે ? આ ભક્તને એમ તો થયું કે ના વાતતો સાચી છે. આપણો ભાવ હશે તો ભગવાનને જરૂર ભાવશે. વહેલી સવારે સ્નાનાદિકથી પરવારી આ બહેને મઠના બે રોટલા કરી આપ્યા. ભાવથી કરે અને ભગવાનને ભાવે, બહુ મીઠાં લાગે, એ જોતાં જમી જાય. બે રોટલાં તૈયાર કરી ઘરમાં જે પાત્ર હતું થાળી એમાં મુકી એના ઉપર એક વસ્ત્રનો કકડો ઢાંક્યો. લઈ જાવ પતિદેવ.

આજ તો મહારાજ મહોલની અગાશીમાં બિરાજે છે. આ જીવણ ભક્ત અગાશીમાં પહોંચી ગયા અને જોયું, ગભરાયા. આમાં આપણો ક્યાં નંબર લાગે ! સાટા વાળા છે, જલેબી વાળાય ખરા, મોહનથાળ વાળા, ચુરમાના લાડુ વાળા, મગજ વાળા, અડદિયા વાળા આ બધાની લાઈન લાગી છે. એમાં આ રોટલા વાળા જાય તો તો સાવ ડિપોઝીટ જાય. વોટ તો ન મલે એકેય પણ ક્યાંક ઠપકો સાંભળવો પડે. આ શું સમજીને સવારના પહોરમાં અહીં મઠના રોટલા લાવ્યો છે ! પણ ભાઈ શું કરું ? શું કરું એટલે, તને કોણે કહ્યું તું કે તું લાવજે ? તારા ઉપર કાંઈ ફરજ થોડી નાંખી હતી ? આ મઠના રોટલા કંઈ મહારાજને જમાડાય !! મહારાજ તો નહી બોલે, સંતો પણ નહીં બોલે પણ મારા આ ગામના હરિભક્તો કદાચ મને બોલે... જીવણ ભક્ત મનમાં મુંઝાય છે. પાછો જતો રહું. છાનો માનો લઈ જાઉં, કોઈને ખ્યાલ ન આવે કે શું હતું આ થાળીમાં ? તો વળી ધીમેથી વિચાર આવે છે. મારી પત્નીએ કહ્યું છે ને આપણો ભાવ સાચો હશે તો ભગવાન સ્વીકારશે. પત્નીએ આપેલું બળ યાદ આવ્યું એટલે પાછા ઉભા રહી ગયા.

સ્વામિનારાયણ ભગવાન ભક્તની આ ભાવનાને જાણી ગયાં. પ્રભુ વિચાર કરે છે આ ભક્ત ગભરાય છે. અને નંબર લાગતા હજુ તો વાર લાગશે. આગળ બધાંય સાટાને મોહનથાળ વાળા ઉભા છે. એને ઓવરટેક તો મઠનો રોટલો ક્યાંથી કરી શકે ! ભગવાન વિચાર કરે છે, કાંઈ વાંધો નહીં ચાલો આપણે એનો હાથ પકડીએ. મહારાજે ચાર-પાંચ પગથીયાં નીચે ઉતરીને લાંબો હાથ કરીને કહ્યું, ભક્ત અહીં આવો, જીવણ ભક્ત અહીં નજીક આવો. અને જીવણ ભક્તને હિંમત આવી ગઈ. જ્યાં એ નજીક આવ્યા પણ હાથ હજુ ધ્રુજતો હતો કે આ બધાં હજુ જુએ છે. જો આ મઠનો રોટલો ભાળી જશે ને તો બધા મારી મશ્કરી કરશે. પણ મહારાજે તરત જ વસ્ત્રનો કકડો ખસેડી, થાળી ભક્તના હાથમાં જ રહેવા દીધી અને બે રોટલા લઈ લીધા. ડાબા હાથમાં બે રોટલા ધારણ કર્યા અને પાછા એ છત્રી ઉપર

બિરાજ્યા. જમણા હાથથી એ રોટલા જમવા લાગ્યા. મહારાજ રોટલો જમતા જાય છે અને વખાણ કરતા જાય છે. હે સંતો ! હે બ્રહ્માનંદજી ! મુક્તાનંદજી ! સુરા ખાચર ! સોમલા ખાચર ! સાંભળો તમે સાંભળો. અમે થાળ તો કાયમ જમીએ છીએ પરંતુ આજે આ રોટલો છે એ તો કોઈ અદ્‌ભુત છે. આવો રોટલો અમે કોઈ દિવસ આરોગ્યો નથી. શું આનો સ્વાદ છે ! અને મહારાજે ઉપમા આપી, રાધા કે લક્ષ્મીજીએ આવો રોટલો ન બનાવી શકે, એવો આ સુંદર રોટલો છે. એટલે હે સંતો ! હે ભક્તો ! તમે આ પ્રસાદીની ઈચ્છા ન રાખતાં. આ બીજા થાળ છે મગજના, મોહનથાળના વગેરે એમાંથી પ્રસાદી વ્હેંચજો. આ રોટલાની ઈચ્છા કોઈએ રાખવી નહીં. આમાંથી એક કકડો પણ નહી મળે. આ બે રોટલા તો અમે જ આરોગી જઈશું. આજે તો શું આનો સ્વાદ. આ જેતલપુરમાં બે મહિના રહ્યા સફળ થઈ ગયા. (વિશેષ આવતાં અંકે)

●

### સુખનો ઉપાય સાવધાની

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

આ સંસારની વિચિત્રતા કહેવું કે વિધિની વક્રતા પણ એ વાત નિર્વિવાદ છે કે સમાજમાં સંબંધોનું મૂલ્ય જાળવી રાખે તેવા માણસો ઘટતા જાય છે. જેની પાસે અઢળક ધનસંપત્તિ હોય ત્યારે તેની સેવા સરભરામાં તત્પર રહેતા લોકો સમય બદલાતા ક્યાં ખોવાઈ જાય તે ખબર પડતી નથી. તેથી જ આપણા સમયમાં એક કહેવત પ્રચલિત છે - ‘‘નાણાં વિનાનો નાથીયો ને નાણે નાથાલાલ.’’

આવી જ એક પરિસ્થતિનો ગામના આગેવાન શેઠ ઉત્તમચંદને થયેલો. શેઠનો સિતારો જ્યારે આસમાને હતો ત્યારે ફૂલની પાછળ જેમ ભમરાં ગુંજારવ કરતા રહે તેમ સગા-વ્હાલાને મિત્રોના ઝૂંડ આ શેઠની આગળ પાછળ વળગેલાં રહેતા હતા. શેઠની સેવામાં બધા હાજરાહજૂર રહેતા કે જેથી શેઠની કૃપાદૃષ્ટિ જો પડે તો કામ થઈ જાય. દૂરની સગાઈમાં ભાઈ થનારા જાણે કે સગા ભાઈ હોય તેમ સંબંધ રાખતા અને વારે-તહેવારે કોઈ પણ પ્રસંગે હાજર રહેતા. શેઠ પાછા જેવા તેવા નહીં, ખૂબ ઉદાર સ્વભાવના હતા. તેમના આંગણેથી કોઈ ખાલી હાથે પાછો જાય તે વાતમાં માલ નહીં. શેઠનો વેપાર ધમધોકાર ચાલતો તેથી તેમને કોઈ હિસાબની ચિંતા નહોતી. મદદ લેનારા વધુ પ્રશંસા કરી વધુને વધુ લાભ મેળવવાની લાલચ રાખતા.

કહેવાય છે કે કોઈના પણ બધા દિવસો એક સરખા જતા નથી. આ શેઠનું ધ્યાન હિસાબ કિતાબ પર બહુ નહોતુ તેનો લાભ લઈ તેમના વિશ્વાસુ મુનિમે બહુ મોટો દગો દીધો. પરિણામે ધીકતા ધંધા પર જાણે કે એકદમ બ્રેક લાગી ગઈ. જેમના લીધે બીજા સેંકડો ઘરો જાહોજલાલીથી જીવતા હતા તે શેઠના જ ઘરમાં આજે બે ટંક અનાજના પણ સાંસા પડવા લાગ્યા. જેવી પરિસ્થિતિ બદલાઈ કે પહેલા જે આગળ પાછળ ફરતા ને વાહવાહ કરતા તે બધા જ મતલબી સગા-સંબંધીઓ વિખરાવા લાગ્યા. બીજા તો ઠીક પણ જેમણે પહેલાં શેઠ પાસેથી મદદ મેળવી સુખ-સમૃધ્ધિ પ્રાપ્ત કરી હતી તે બધાએ પણ મદદરૂપ થવાને બદલે મોં ફેરવી લીધા.

આ શેઠ પાસે આવડત તો હતી પણ અચાનક થયેલા દગાને લીધે તેમને આ મુશ્કેલી આવી હતી. મુશ્કેલીથી ડગી જાય તેવા આ શેઠ નહોતા. તેઓ આ પરિસ્થિતિમાંથી કેવી રીતે બહાર નીકળવું તેનો માર્ગ, ઉપાય વિચારવા લાગ્યા. શેઠને ફરી ધંધો શરૂ કરવો હતો પણ તે માટે થોડા પૈસા તો જોઈએ ને ! પૈસા લાવવા ક્યાંથી ? વાહવાહ કરતા નહી થાકનારા આજે લોન તરીકે પૈસા આપવા પણ તૈયાર ન થયા.

તેમણે પૈસાની સગવડ કરવા હવેલી વગેરે વેચીને ગામ છોડી બીજે ગામ જઈ સેટ થવાનો વિચાર કર્યો. હવેલી વેચી, મિલકત વેચીને બધા લેણાં ચૂકવ્યા. પછી શેઠ ગામ છોડી બીજા ગામે પહોંચ્યા. બધી મિલ્કત વેચી પણ એક કાંસાની મૂર્તિ જે શેઠને બહુ ગમતી તે શેઠે પોતની પાસે રાખેલી.

બીજે ગામ જઈ ત્યાં નાણાં ધીરનાર પાસે ગયા અને તેમની પાસે પેલી કાંસાની મૂર્તિ ગીરો મુકીને રૂા. ૨૦૦ (બસો) ફરી ધંધો બેઠો કરવા લીધા. મહેનત કરવાની તૈયારી હોય અને પ્રામાણિકતાનો સદ્‌ગુણ હોય પછી તો શું કહેવું ! શેઠે ફરી પાછો પોતાનો ધંધો જમાવી દીધો. હવે ફરીથી પ્રતિષ્ઠા જામી અને બધુ સારું ચાલવા લાગ્યું તેથી પેલી મૂર્તિ છોડાવવા માટે શેઠ પેલા નાણાં ધિરનાર પાસે ગયા. બસો રૂપિયા તથા ઉપરનું વ્યાજ ચૂકવી મૂર્તિ પાછી આપવા કહ્યું. પેલી મૂર્તિ ઘણી સુંદર હતી તેથી પેલા નાણાં ધીરનારની દાનત બગડી તે શેઠને કહેવા લાગ્યો - મેં તમારી આપેલી મૂર્તિ સાચવવા માટે અનાજની કોઠીમાં મુકી હતી પણ હમણાં ઉંદરોનો ત્રાસ વધી ગયો છે તે ઉંદર તમારી કાંસાની મૂર્તિ પણ ખાઈ ગયા. મને ખૂબ દુઃખ થાય છે પણ હું શું કરું ? વળી પાછો બહુ શાહુકાર હોય તેમ ૨૦૦ રૂપિયા પાછા આપવા લાગ્યો.

શેઠ સમજી ગયા કે આ વેપારી મારી સાથે બનાવટ કરે છે પણ તેને તેની જ ભાષામાં પાઠ ભણાવવાનું આ શેઠે વિચાર્યું. શેઠ તો જાણે વેપારીની વાતમાં આવી ગયા હોય તેમ વેપારીને કહેવા લાગ્યા - હશે, મારા નસીબમાં એ મૂર્તિ નહીં હોય. પણ મારે તેના બદલામાં બસો રૂપિયા નથી લેવા પણ તમે મારૂં એક કામ કરો તો સારું. વેપારી કહે, બોલો બોલો શેઠજી ! શેઠ કહે, અહીં લૂંટારાનો બહુ ભય છે ને આ બાજુ નદીમાં મારે સ્નાન કરવા જવું છે. તમે તમારા દીકરાને મારી સાથે મોકલો. જ્યાં સુધી હું સ્નાન કરું ત્યાં સુધી મારા કપડાં સાચવે પછી પાછા વળતાં હું તેને અહીં મુકતો જઈશ.

વેપારીએ પોતાના પુત્રને શેઠની સાથે મોકલ્યો ને મનમાં

(અનુ. પેજ નં. ૨૪ ઉપર)

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**
**(એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી)**
**''આત્માનું 'સુખ' ક્યારે મળે ?''**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

આપણે કથા શ્રવણ કરીએ એટલે તાત્કાલિક શાંતિ મળે છે. અર્થાત્ જેટલીવાર મહારાજના સાનિધ્યમાં હોઈએ છીએ તેટલીવાર ધૂન, ભજન, કીર્તન, પૂજા કાંઈ પણ કરીએ છીએ એટલી વાર શાંતિ મળે છે. પરંતુ કાયમી શાંતિ જોઈતી હોય તો ક્યારે મળે ? તો આત્માનું સુખ મળે ત્યારે મળે. તો **આત્માનું સુખ એટલે શું ? તો આત્માની અંદર પરમાત્માનો 'અનુભવ' રહે તેને આત્માનું સુખ કહેવાય છે.** તો આટલી મોટી સૃષ્ટિમાં કેટલી બધી વિષમતા છે. એકદમ નજીકની બે વ્યક્તિ હોય તો પણ સ્વભાવમાં સમાનતા હોતી નથી. આટલા બધા લોકોમાં કોઈની પણ ક્યારેય અંગુઠાની છાપ પણ સરખી હોતી નથી. તેમ છતાં **દરેક વ્યક્તિમાં એક બાબતમાં સમાનતા જોવા મળે છે. કોઈને પણ પૂછો તો બધાને સુખ જોઈએ છે. કેમ કે ? વ્યક્તિની પ્રકૃતિનો સ્વભાવ સરખો ભલે ના હોય પણ દરેક વ્યક્તિની અંદર જે 'આત્મા' છે તે એક સરખા સ્વભાવવાળો છે. 'ઉર્ધ્વગામી' છે. અને 'આનંદ' સ્વરૂપે છે. માટે દરેક વ્યક્તિ સુખ તરફ આગળ વધતા પ્રયત્નશીલ રહે છે.** પરંતુ સાચા જ્ઞાનના અભાવને લીધે દરેક જીવની દોડ ભૌતિક સુખ તરફ હોય છે. પરંતુ ભૌતિક સુખ કરતા શરીરનું, મનનું અને આત્માનું સુખ એ સુખ મોટા છે. તો શરીરનું સુખ એટલે સ્થૂળ શરીરમાં કોઈ પણ રોગ ના હોય ત્યારે શરીરનું સુખ કહેવાય અને મનનું સુખ એટલે મનમાં છળ, કપટ ના હોય ત્યારે મન નિરોગી કહેવાય. આમ શરીર અને મન બન્ને નિરોગી હોય ત્યારે આત્માનું સુખ મળે. આપણો આત્મા **અનંત શક્તિવાળો છે.** પરંતુ આપણને તેનો ખ્યાલ આવતો નથી. તેને આપણે ઉદાહરણથી સમજીએ તો ગંગાજળ એ સામાન્ય જળ કરતા વધારે અમૂલ્ય છે. પરંતુ એ ગંગાજળ જ્યારે નદીમાં હોય છે ત્યારે આપણને શંકા જતી નથી. આપણને ૧૦૦% ખબર છે કે આ ગંગાજળ છે. પરંતુ એ જ ગંગાજળને જ્યારે વાસણમાં મૂકી દઈએ ત્યારે જોવાથી ખ્યાલ નથી આવતો ભૂલી જવાય છે. તો શંકા જાય છે કે ગંગાજળ હશે કે નહીં. તેવી રીતે આ શરીરની અંદર જે ચૈતન્ય છે તે **ચૈતન્યની શક્તિનો શરીરરૂપી આવરણને લીધે ખ્યાલ આવતો નથી.** પરંતુ મહારાજે આપણને જે બળ બુદ્ધિ અને વિવેક આપ્યું છે તેનો ઉપયોગ ''આત્મસુખ' પ્રાપ્ત કરવા માટે કરવાનો છે. આપણા આત્માની શક્તિમાં વધઘટ થાય તેની ખબર કેવી રીતે પડે, તો આપણી અંદર સંતોષ, દયા, પરોપકાર એ બધું હશે ત્યારે શક્તિ વધે છે. અને જ્યારે દુર્ગુણો આવે ત્યારે એ શક્તિ ઘટે છે. દુઃખ આવે ત્યારે પણ આત્મશક્તિ ઘટે છે. અપેક્ષા રાખીએ ત્યારે પણ ઘટે છે. સ્વાભાવિક છે કે આપણને આપણા દીકરા-દીકરી ખોટો ટાઈમ પાસ કરે પરંતુ આપણી અપેક્ષા પુરી નથી કરતા ત્યારે ક્રોધ આવે છે, અને દુઃખ થાય છે. તો જ્યારે ક્રોધ આવે છે અને દુઃખ થાય છે ત્યારે સાથે સાથે 'અહમ્' પણ આવે છે. કે મેં આટલું બધું એમનું સારુ કર્યું છતાં મારું માનતા નથી. એમ મન દુઃખ થાય છે. ત્યારે મનની શક્તિ ઓછી થાય છે. તો જેવી રીતે આપણા હાથ-પગમાં દુઃખાવો થાય ત્યારે આપણે દુઃખાવાવાળા હાથ પગથી કાર્ય કરી શકતા નથી. કેમ કે ? દુઃખાવાને લીધે કાર્ય કરવાની શક્તિ ઓછી થઈ જાય છે. એવી રીતે મન દુઃખ થવાથી આપણી આત્માની શક્તિ ઓછી થઈ જાય છે. કેમ કે? **મન ડગે છે ત્યારે આપણા ચૈતન્યની શક્તિ ઓછી થઈ જાય છે. તો આપણું મન ક્યારે ડગે છે ? તો આપણા મનની સ્થિતિ જ્યારે બહારી પરિસ્થિતિ ઉપર નિર્ભર હોય છે ત્યારે આપણું મન ડગે છે.** બહાર આપણે કેટલી બધી વ્યક્તિને રોજ મળવાનું થાય છે. કેટલી બધી પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. ક્યારેક દુઃખ આવે છે તો ક્યારેક સ્થિતપ્રજ્ઞ થઈ જઈએ છીએ. જ્યારે આપણા અંદરના મનની સ્થિતિ સ્થિર ના હોય, ઘડીએ ઘડીએ બદલાતી હોય ત્યારે સમજી લેવાનું કે **આપણા મનનુ નિયંત્રણ લોકો ઉપર નિર્ભર છે. એટલે મનના માલિક બનવું. આપણા મનનું નિયંત્રણ બીજાના હાથમાં ન આપી દેવું.** દા.ત. આપણે ઘરમાં બેઠા હોઈએ ટી.વી.નું રિમોટ આપણા હાથમાં હોય તો ધારો એ પ્રમાણે જોવા મળે છે. અને બીજાના હાથમાં રિમોટ હશે તો બીજા જે બતાવે એ જોવું પડે છે. તો કહેવાનો આશય છે કે આપણા મનનું નિયંત્રણ આપણા હાથમાં રાખવાનું. **જો તમારા મનનું નિયંત્રણ તમારા હાથમાં હશે તો તમારા અંદરની શાંતિ કે અશાંતિ એ તમારા હાથમાં રહેશે. અને આવા નરનારાયણદેવ મળ્યા છે તો ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં અશાંત કે દુઃખી નહિ થવાનું.** જ્યારે આપણે આવેલી પરિસ્થિતિનો સામનો કરી શકીએ એમ ના હોય ત્યારે એમ વિચારવાનું કે પરિસ્થિતિ મારા મહારાજના હાથમાં છે. થોડી ધીરજ રાખવાની **અને એ ખાસ યાદ રાખવાનું કે ક્યારેય પણ ખોટા રસ્તા પર નહિ જવાનું. થોડીવાર લાગે છે. પણ મહારાજ જ્યારે ન્યાય આપે છે ત્યારે ૧૦૦% સંપૂર્ણ ન્યાય આપે છે.** એટલે આપણે હતાશ નહિ થવાનું. નકારાત્મક નહિ વિચારવાનું. સકારાત્મક થઈને સ્થિરતા રાખીને આગળ વધવાનું. મનુષ્ય દેહ મળ્યો છે તેની મહત્તા સમજવાની. સમય આવશે ત્યારે આવેલી પરિસ્થિતિમાંથી મહારાજ બહાર કાઢશે. એક કઠિયારો હતો લાકડા કાપીને ગુજરાન ચલાવતો હતો. તો તે રાજ્યના રાજાએ લાકડા કાપનાર માણસને જોયો તો રાજાને દયા આવી ગઈ અને ચંદનના વૃક્ષનો આખો બગીચો

તેને આપી દીધો. વિચાર્યું કે ચંદનના લાકડાના પૈસા વધારે આવશે તો સુખી થશે. પરંતુ કઠિયારાને ચંદનના લાકડાનું જ્ઞાન હતું નહિ એટલે લાકડા વેચવાને બદલે કાપીને કોલસા બનાવે છે. તો રાજાએ ચાર-પાંચ દિવસ પછી તપાસ કરાવી કે આ માણસ શું કરે છે ? તો ખબર પડી કે કોલસા બનાવે છે. પછી તેને રૂબરૂ બોલાવીને ચંદનના વૃક્ષની મહત્તા સમજાવી. તો તેવી રીતે આપણને પણ આ મનુષ્ય શરીર મળ્યું છે તો **તેને કોલસા બનાવીને માત્ર સળગાવી દેવું છે કે આ શરીરની મહત્તા સમજી ચંદનની જેમ સુગંધ પ્રસરાવવી છે. તે આપણે નક્કી કરવાનું છે.** જેટલા વર્ષો વીતી ગયા એને ભૂલી જવાના પણ આપણી પાસે હવે જેટલા બાકી છે તેનો સદ્‌પયોગ કરી લેવાનો. **મનને નિરોગી અને સક્ષમ બનાવવાનું. તો જ આત્માનું સુખ મળશે.** આપણે જે ગામમાં રહેતા હોય એ આખા ગામમા બિમારી ફેલાયેલીહોય તો આપણે એવું વિચારીએ કે આપણે બિમાર ના થઈએ. બિમારીથી બચવું કેવી રીતે એ જ વિચારીશું. આપણું લક્ષ્ય એક જ હોય છે કે મારામાં બિમારી પેસી ના જાય એ રીતે આપણે જગત આખામાં કેટલા દુર્ગુણો છે તે જોવા જઈએ તે શક્ય જ નથી. અત્યારે જગત આખામાં કળિયુગ ચાલે છે તો એ કળિયુગના લક્ષણ આપણામાં પેસી ના જાય તે ધ્યાન રાખવાનું છે. આપણને લાઠી લઈને કોઈ મારવા આવ્યું હોય અને આપણને લાઠી ચલાવતા આવડતું ના હોય તો તેને શરણે થઈ જવું પડે. તો આ જગત આખામાં અવગુણરુપી જે શસ્ત્રો છે તેના સામે આપણી અંદર શાસ્ત્રોના જ્ઞાનરૂપી લાઠી નહિ હોય તો કળિયુગના વશ થઈ જવું પડશે. કેમ કે ? આપણી પાસે સાચું જ્ઞાન છે જ નહિ. તો એવું નહિ કરવાનું. મહારાજે આપણને જે સત્સંગ આપ્યો છે. શાસ્ત્રો આપ્યા છે તે બધું વિચારવાનું અને **એક જ વસ્તુ** વિચારી લેવાની કે આપણે કોના શરણમાં છીએ. જે ક્ષણે તમે આવું વિચારી લેશો ને તો ગમે તેવી પરિસ્થિતિમાં મન અને મગજમાં બહુ જ શાંતિ રહેશે. બહારની પરિસ્થિતિ જે હોય તે પણ અંદરથી બહુ હિંમત મળી જશે, આવા એક વિચાર માત્રથી દુઃખ દૂર થઈ જાય છે. ભરતખંડના રાજા શ્રી નરનારાયણદેવના મહેલમાં બેસીને જે ભજન-કીર્તનનો આનંદ મળે છે તે સુખની આગળ જગતનું દુઃખ કીડી જેવું લાગશે.

●

## દંભ એ કળિનો મળ છે

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

દંભ એટલે ખોટો ડોળ, પોતાની સ્થિતિ હોય એક પ્રકારની ને બહારથી લોકોને બતાવે. બીજા પ્રકારની જેને દંભ કહેવાય. આપણે જેવા છીએ તેવા દેખાવાને બદલે જેવા નથી તેવા દેખાવામાં રાત્રિ દિવસ મથામણ કરે છે તે દંભ છે. પોતે છે તેના કરતાં સારા દેખાવાનો પ્રયત્ન કરવો એ અંદરની ગંદકી છે. **દંભ એ કળિનો મળ છે. ને કાદવ પણ છે.** દંભ ઢાંકેલો હોય ત્યાં સુધી વાહવાહ છે. જ્યારે તે બડબડિયાં બોલાવીને બહાર આવે છે ત્યારે તેનું પરિણામ ભોગવતા વરસો પણ ઓછા પડે છે, કેટલાક માણસો એવાં હોય છે કે પોતાની સ્થિતિ સાધારણ હોય, છતાં લોકોને પોતાની સ્થિતિ ઉંચા પ્રકારની બતાવવા પ્રયત્ન કરે છે. પોતાની પાસે ૨૫૦૦૦ પચીસ હજાર રૂપિયા ન હોય ને ડોળ એવો કરે કે જાણએ લાખો રૂપિયાનો આસામી હોય ને જમીન લઈને મોટો લાખો રૂપિયાનો બંગલો બંધાવવા માંડે. પછી વેપારમાં નાણાભીડ થવા લાગે ને હજુ બંગલો પૂરો ઢીંચણ સમો થયો ન હોય ને વેચવા કાઢવો પડે. ત્યારે સોના સાઠ કરવા પડે ને પરિણામે દાળ-રોટલા પણ ટળી જાય. પછી જીવવાનું મુશ્કેલ બની જાય છે. લોકમાં આબરૂ જાય ને હાંસી થાય. માટે દંભ ન કરવો. દેખાદેખી ન કરવી.

શ્રી સ્વામિનારાયણ ભગવાને ગઢડા છેલ્લા (અંત્યના) વચનામૃત-૨૯ માં લખેલું છે કે, “પોતાના હૃદયમાં ભગવાનનો દૃઢ નિશ્ચય, ભક્તિ અને ધર્મ તે થોડા હોય ને બીજા આગળ પોતાની મોટપ વધારવા સારૂં ઉપરથી તેને બહુ જણાવે તે પણ દંભ કહેવાય છે. દંભીનું વર્તન તો હાથીના દાંત જેવું છે. જેમ કે દેખાડવાના દાંત જુદા અને ચાવવાના દાંત પણ જુદા. દંભીના હાસ્ય કરતા ક્રોધાનો તાપ સારો. દંભી માણસ ઉંદર જેવો હોય છે. ઉંદર ફૂંક મારતો જાય અને માણસના પગ કરડોલતો જાય. જાગે ત્યારે બળતરા થાય. લોહી નીકળી ગયું હોય. તેમ દંભી માણસો ધીરે ધીરે આપણું બધુંય છીનવી લે. તોય ખબર પડતી નથી. માટે સાચા સંત ઓળખી ભગવાન ભજી લેવા

**મન મેલાં તન ઉજળાં, બગલા કપટી અંગ,**
**તેથી તો કાગા ભલા, તન મન એકજ રંગ,**
**દેખી ઉપરનો આટાટોપ, મને રખે મોટો માનો,**
**એ તો ફોગટ ફૂલ્યો છે ફોષ, સમજો એ સંત શાનો.**

બધાં માનવીઓને માત્ર ઉપલી આંખ હોય છે. અંતરની આંખ સિવાય સાચા સંત ઓળખાય નહિ. શ્રીજી મહારાજે વચનામૃતમાં કહ્યું છે જે અમને અહંકાર ન ગમે, દંભ ન ગમે, દંભ તે શું ? પોતાના હૃદયમાં સદ્‌ગુણો થોડા હોય પણ બીજા આગળ પોતાના સદ્‌ગુણો કીધે રાખે સદ્‌ગુણો વધુ જણાવે. તેવા દંભીને દેખીને કોઈના મન રાજી ન થાય.

લોકોને ઠગવામાં સાધુ જેવો વેશ ધારણ કરે. જેમ સીતાજીને લઈ જવા વેદજ્ઞ બ્રાહ્મણ રાવણે ભગવા વસ્ત્ર ધારણ કરીને સાધુ વેશ ધારણ કરીને સીતાનું અપહરણ કર્યું હતું. સાચી વાત હમેંશા નભી શકે છે. ખોટી વાત લાંબી ચાલી શકતી નથી. જે ડોળ કરે છે. તેને જ્યાં ત્યાં ખોટું જ દેખાડવું પડે છે. માટે માણસ સાદાઈ, સરળતા ને નમ્રતાથી વર્તે તો લોકો તેના ઉપર વધારે રાજી થાય ને વધારે પ્રેમ કરે છે. દંભીને પોતાના દંભ નભાવવાને ઘણી ચિંતા વેઠવી પડે છે. માટે પોતાની ઉન્નતિ સાધવી હોય તેણે નિર્દંભ જીવન ગાળવું જોઈએ.

નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે,

**“દેહ પોષવા સારૂં જે દંભ, કરે છે જે કુબુદ્ધિ,**
**ખોટી સુખ અરથે આરંભ, મૂકે નહિ મૂઆ સુધી.**
**તેણે જનમ પશુને પાડ, ખોટો ખાવા કારણે,**
**મોક્ષ મારગે દીધાં કમાંડ, કડી જડી બારણે.”**

એક રાજાએ કૂતરાને સિંહનો પહેરવેશ પહેરાવીને એને શત્રુ સૈન્ય સામે ઉભો રાખ્યો. એનો મનસૂબો એવો હતો કે શત્રુ રાજાના હાથીઓ આ સિંહને જોઈને ભાગે. પણ બન્યું એવું આગળ મહાકાય હાથીઓને જોઈને કૂતરો તો ભસવા લાગ્યો. તુરત બુદ્ધિશાળી વજીરે આ રાજાને હુમલો કરીને પકડી લીધો.

અને તેનું રાજ્ય જીતી લીધું. થોડા સમય માણસને ઠગી શકાય. પરંતુ લાંબો સમય ઠગી શકાતા નથી. માટે સદ્‌ગૃહસ્થ દેખાવું સહેલું છે. પણ જેન્ટલમેન થવું અઘરૂં છે. સાધુતાનો સ્વાંગ સજવો સહેલો છે. પણ સાધુતાનો સદાચાર-ધર્મ પાળવો અઘરો છે. **વસ્ત્ર પરિવર્તન નહિ પણ વૃત્તિ પરિવર્તન એ જ** સાચો સાધુ છે. હંસ અને બગલો બંને દેખવામાં ધોળા દૂધ જેવા સરખા લાગે છે. પણ એક મોતી શોધે છે ને બીજો માછલી શોધે છે. દેખાવમાં સરખા પણ બંને જુદી જુદી વસ્તુની શોધમાં છે. માટે સંત અને અસંત પહેરવેશથી ન ઓળખવા પણ વર્તનથી ઓળખવા.

ગીતામાં દંભીને મિથ્યાચારી કહ્યો છે. ભલેને દૃઢ આસન કરીને કલાકો સુધી બેસતો હોય છે. પણ તેનું મન વિષયોમાં ભમતું હોય તો તે દંભી જ છે.

દુનિયામાં જ્યાં જુઓ ત્યાં ઉપલા આવરણથી બોલબોલા હોય છે. અત્રે પેકીંગને માર્કેટીંગ જોરદાર હોવું જોઈએ. સડેલા લાકડાં ઉપર સનમાયકા લાગેલા હોય તેમ અંદરનો માલ ખરાબ હોય. બહારના પેકીંગથી જ સરસ લાગે એટલે જ માણસ છેતરાય છે. તેમજ દંભીનું બાહ્ય સ્વરૂપ આકર્ષક હોય છે. વાક્‌પટુતા અને આગતા સ્વાગતાનો આડંબર વગેરેથી માણસ છેતરાય જાય છે.

એક સમયે મહારાજ તેમજ સંતો તથા હરિભક્તો, ગઢપુરથી વડતાલ સંઘ જઈને જતા હતા. ત્યાં ભાલ પ્રદેશમાં પહોંચતા રસ્તામાં એક બાવો નગ્ન અવસ્થામાં ધુણી ધખાવીને બેઠો હતો. રસ્તામાં જે કોઈ આવે-જાય તે તેને પગે લાગે. સંતો તેમજ મહારાજ આગળ જતા હતા. ત્યાં પાછળ સુરો ખાચર અને સોમલો ખાચર હતા. ત્યારે સોમલો ખાચર કહે જુઓ તો ખરા ! આ બાવાજી કેટલું બધું તપ કરે છે. ત્યારે સુરો ખાચર કહે આ બાવાજી તપસ્વી છે. ને મારે એક માનતા છે. જે સવા રૂપિયો મૂકવાની. પણ ક્યાં મૂકું. વસ્ત્ર પહેર્યા નથી. નહીંતર વસ્ત્રમાં મૂકી દઉં. ને બાજુમાં મુકું તો વટેમાર્ગે કોઈ આવે-જાય તો લઈ લે. આ બાવાજી જો ધ્યાનમાંથી જાગે તો એમને આપું ને મારી માનતા પૂરી થઈ જાય. આમ વાત-ચિત્ત કરે છે. ત્યાં તો બાવાએ મોઢું ફાડ્યું એટલે સુરા ખાચર ઓળખી ગયા કે આ તો દંભી છે. એટલે જમીન ઉપરથી ધૂળની મુઠ્ઠી ભરીને મોઢામાં નાખી. ત્યાં તો દંભી બાવો ખીજાણો ને કે તેરી એસી તેસી કરી નાખું. ત્યારે સુરો ખાચર કહે ધ્યાની બાવો થઈને ક્રોધ ક્યું કરતે હૈ. આમ આડંબરથી માણસ છેતરાય જાય છે. ને જે આડંબર કરીને છેતરે છે તેનું એક દિવસ પતન થાય છે. માટે દંભી ન થવું.

આપણને સંત કે ભગત કહેવરાવવામાં વધુ રસ છે. પણ સંત કે ભગત થવામાં રસ ઓછો છે. માટે હળાહળ કળિયુગ ચાલે છે. તેમાં દંભી માણસોને ઓળખીને તેનો ત્યાગ કરવો કેમ કે દંભએ કળિયુગનો મળ છે ને કાદવ છે.

## સત્સંગનું ગૌરવ



આપણા સત્સંગી રાજુભાઈ ગજાનંદભાઈ જાદવના સુપુત્રી ડૉ.કૃતિ જાદવે સતત ૩ મહિના ઘરે આવ્યા વગર કોરોના ના દર્દીઓની સારવાર કરવામાં સેવા આપી હતી. શ્રી નરનારાયણ દેવ તેમનું સ્વાસ્થ્ય સારૂ રાખે અને વધુ સેવા કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના.

અનુ. પેજ નં. ૨૧ નું ચાલુ

શેઠ મૂર્તિ બાબતે કેવા મૂરખ બની ગયા તેમ વિચારી ખુશ થવા લાગ્યો. શેઠે થોડા દૂર જઈ વેપારીના પુત્રને એક ઓરડામાં પુરી દીધો. થોડા સમયે મોં ઉદાસ કરી શેઠ વેપારી પાસે આવ્યા ને કહેવા લાગ્યા - તમારો પુત્ર મારા કપડાં સાચવતો નદી કિનારે બેઠો હતો. એટલામાં એક બગલો આવ્યો ને તમારા પુત્રને ઉપાડી ગયો. મેં તેને બચાવવા બહુ પ્રયત્નો કર્યા પણ વ્યર્થ.

શેઠના આ વચનો સાંભળીને વેપારી તથા તેની પત્ની બંને જણ વલોપાત કરવા લાગ્યા. વેપારીએ તો શેઠ વિરૂદ્ધ ફરિયાદ કરી. ન્યાયાધિશે બધી વાતની હકીકત પૂછી ને બધા પ્રશ્નોત્તર થયા. પછી શેઠે દલીલ કરી કે જો ઉંદરો કાંસાની મૂર્તિ ખાઈ શકે તો બગલો દશ વર્ષના કિશોરને કેમ ઉપાડી ના શકે. શેઠ પાસેથી બધી વિગત સાંભળ્યા પછી ન્યાયાધિશે ન્યાયરૂપે મૂર્તિ અપાવી અને શેઠને હેરાન કરવા બદલ વેપારીને પાંચસો રૂપિયાનો દંડ કર્યો.

જે વ્યક્તિ ધીરજપૂર્વક આવેલી મુશ્કેલીનો સામનો કરે તો તેને કોઈ દિવસ તકલીફ પડતી નથી.

મિત્રો ! જોયું ને જે શેઠે થોડીપણ બેદરકારી રાખી તો કેટલું નુકશાન ભોગવવું પડ્યું. આવું ન થાય તેના માટે જ આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને આજ્ઞા કરી છે કે અમારા આશ્રિતોએ આવક અને ખર્ચનું રૂડા અક્ષરે કરીને નામું લખવું. આવક અનુસાર ખર્ચ કરવો. જો આ ધ્યાન રાખ્યું હોત તો શેઠ મોટી આપત્તિમાંથી બચી શક્યા હોત. સહુ ભક્તજનો સુખી રહે તે માટે આપણા ઈષ્ટદેવે શિક્ષાપત્રીમાં કરેલી આજ્ઞાઓ આપણા સુખની ચાવીઓ સમાન છે. તેનું પાલન કરી સુખી બનીએ.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

**પ્ર. ૧** ભગવાનને ભજીને વિશ્વની ઉત્પત્યાદિક સામર્થ્યને ઈચ્છે છે તે ભક્તને કેવો જાણવો ?

**પ્ર. ૨** ''ભગવાનને તથા સંતને જેવા છે તેવા નિશ્ચયપણે જાણીને પણ કોઈનું અંતર પાછું પડી જાય છે તેનું શું કારણ છે. આ પ્રશ્ન કોણે કોને પૂછ્યો છે ?

**પ્ર. ૩** શ્લોક પૂર્તિ કરશો.... ''અહો ! ભાગ્યમહો ! ભાગ્યમ્ નંદગોપવ્રજૈકસામ્ ।''

**પ્ર. ૪** સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણીમાં નીચે દર્શાવેલ ચોપાઈ ક્યા પ્રકરણમાં ક્યા ભક્તને વિષે લખી છે.... ''આ તો કાળનો વેગ છે ભારી, નાખશે નરનારીને મારી । માટે સ્વામિનારાયણ કહો, તો તમે સર્વે જીવતા રહો ॥ માનો મારુ એટલું વચન, તાળી પાડીને કરો ભજન । પછી ધુન કરીને દેખાડી, તાળી ભેળી પોત્યે પણ પાડી ॥''

**પ્ર. ૫** શતાનંદ સ્વામી રચિત જનમંગલ નામાવલિમાં શ્રીહરિને સ્વામીએ ''ऋजुः ॥'' નામથી સંબોધ્યા છે તો આ નામનો અર્થ જણાવશો.''

**પ્ર. ૬** કુંડલના રાઈબાઈના દીકરાના નામ શું હતા તેમાં સાધુ થવા કોણ ગયું હતું ?

**પ્ર. ૭** ''આજ રથ બેઠે ગિરધારી રે, ચલો સખી દેખનકું.'' - આ કીર્તન કોણે બનાવ્યું છે.

## માર્ચ-૨૦૨૦ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** પોતાના સામર્થ્ય અનુસાર માતા-પિતા, ગુરુ તથા રોગી મનુષ્યની સેવા જીવન પર્યંત કર્યા કરવી. **(૨)** સંવત ૧૮૭૭ મહા સુદ-૭. **(૩)** બહાર અને અંદર ભગવાનની મૂર્તિ સામે જે વૃતિ કરવી એ જ અંતર્દષ્ટિ છે. **(૪)** કૈવલ્યાર્થી - મધ્યમ. **(૫)** સંવત ૧૮૮૨ ના અમદાવાદમાં. **(૬)** ''अनेक जन्म संसिद्धस्ततो याति परां गतिम् ॥ **(૭)** સ.ગુ. સુખાનંદ સ્વામી.

૧ ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૨ પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૩ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૪ ભાવસાર વીણાબેન આર. (નવરંગપુરા)
૫ ભાવસાર અરવિંદાબેન (ચાંદલોડીયા)
૬ સાંખ્યયોગી ભારતીબા, મંજુબા (કાલુપુર હવેલી)
૭ સાંખ્યયોગી કંચનબા, હીરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૮ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૯ પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ (ડાંગરવા)
૧૦ પટેલ નટવરભાઈ પરસોતમદાસ (રાણીપ)
૧૧ પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા)
૧૨ પટેલ વંદનાબેન કનૈયાલાલ (રાણીપ)
૧૩ સાંખ્યયોગી કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૧૪ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૧૫ ડૉ. પટેલ અરૂણભાઈ દેવજીભાઈ (રાણીપ)
૧૬ ગાંધી જ્યોત્સના એચ. (સુરેન્દ્રનગર)
૧૭ મહેશ ભગત પૂજારી (સ્વા. મંદિર જીવરાજપાર્ક)
૧૮ પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૧૯ પટેલ સંગીતાબેન મનોજકુમાર (અંબાપુર)
૨૦ પટેલ ઈલા પ્રવિણભાઈ (અંબાપુર)
૨૧ પટેલ નીતાબેન પોપટભાઈ (અંબાપુર)
૨૨ પટેલ સંગીતા અરૂણભાઈ (અંબાપુર)
૨૩ પટેલ ઉષાબેન એમ. (વાવોલ)
૨૪ પટેલ કૈલાસબેન વિનોદભાઈ (ચાંદલોડીયા)
૨૫ મોદી ભરતભાઈ અમૃતલાલ (માણસા)
૨૬ પટેલ કોકીલાબેન બાબુભાઈ (સાબરમતી)
૨૭ પટેલ જયંતિલાલ અંબાલાલ (માણસા)
૨૮ પટેલ વલ્લભભાઈ શિવાભાઈ (સોજા)
૨૯ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૩૦ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૩૧ પટેલ જોઈતાભાઈ આત્મારામ (ઝુલાસણ)
૩૨ પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૩૩ પટેલ લીલાબેન જોઈતારામ (ઝુલાસણ)
૩૪ પટેલ રક્ષાબેન ગણપતભાઈ (મેમનગર)
૩૫ ઠક્કર હસુબેન કનૈયાલાલ (ઈશનપુર)
૩૬ પટેલ અલ્કાબેન દિનેશભાઈ (લુણાવાડા)
૩૭ ઝાલા રણજીતસિંહ જવાનસિંહ (સીતાપુર)
૩૮ પટેલ શારદાબેન હીરાભાઈ (સાબરમતી)
૩૯ ચોકસી ઈલાબેન નરેન્દ્રકુમાર (ઘાટલોડીયા)
૪૦ પટેલ ઉષાબેન એમ. (વાવોલ)
૪૧ પટેલ શારદાબેન એચ. (વાવોલ)
૪૨ સીતાપરા ગોરધનભાઈ વાલજીભાઈ (બાપુનગર)
૪૩ પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૪૪ ભોરણીયા નથુ ભગવાનભાઈ (ઘુંટુ મોરબીનું)
૪૫ ભોરણીયા રમેશભાઈ (ઘુંટુ મોરબીનું)
૪૬ ખંધેડીયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૪૭ સાંખ્યયોગી બહેનો (સ્વા. મંદિર દરબારગઢ-મોરબી)

# સત્સંગ સમાચાર

## કોરોના વાયરસમાં કાલુપુર મંદિર અને શ્રીનરનારાયણદેવ તાબાના મંદિરો દ્વારા થયેલ રાહત સેવા પ્રવૃત્તિઓ

પરમકૃપાળુ સર્વોપરી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો ખૂબજ દયાળુ સ્વભાવ છે. એટલે જ વંદુના પદમાં પ્રેમાનંદ સ્વામીએ ગાયું છે ને કે ''કોઈને દુઃખીઓ રે દેખી ન ખમાય દયા આણી રે, અતિ આકળા થાય અન્ન, ધન, વસ્ત્ર રે આપીને દુઃખ ટાળે, કરૂણા દ્રષ્ટિ રે.'' આ ઉક્તિ પ્રમાણે તેમના સ્થાને બિરાજમાન આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પણ તેટલા જ દયાળુ પ્રકૃતિના છે. સમસ્ત વિશ્વમાં કોરોનાએ કેર વર્તાવ્યો છે. આવા કપરા સમયે આપણો સંપ્રદાય શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાન હર હમેંશ દેશની પ્રજાના દુઃખમાં સહભાગી બન્યો છે અને બનતો આવ્યો છે. પછી તે મોરબી પુર હોનારત હોય, કચ્છનો ધરતીકંપ હોય, દુષ્કાળ, પુર હોનારત અથવા ચીન-પાકિસ્તાનની વોર હોય ત્યારે આપણા કાલુપુર મંદિરથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આદેશથી સંત-હરિભક્તોએ ખંભે ખભા મિલાવીને તન, મન અને ધનથી સમગ્ર દેશની પ્રજાની સહાય કરી છે તેમની સાથે દુઃખમાં ભાગીદાર બન્યા છે.

આ તો મહા ભયંકર કોરોના વાયરસે માર્ચ માસમાં આપણા દેશ અને ગુજરાત રાજ્યમાં પગે પેસારો કર્યો ત્યારે જ સૌ પ્રથમ આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આપણા શ્રી નરનારાયણદેવ દેશમાં આવતા ઉત્સવો, સમૈયાઓ, પાટોત્સવ, પારાયણ, પધરામણી આદિ તમામ પ્રસંગો તેમજ નાના-મોટા મંદિરો પણ દર્શનાર્થીઓ માટે બંધ કરવા આદેશ જારી કરી દીધો. અને આપણા દરેક નાના-મોટા શિખરબધ્ધ મંદિરોના મહંત સ્વામીશ્રીઓને સૂચન કર્યું કે દેશની ખડેપગે જીવના જોખમે સેવા કરતા આપણા દેશના જવાનો, સૈનિકો, પોલીસ કર્મીઓ, રોજે રોજ કમાઈને ખાનારા ગરીબ લોકો તેમજ આ મહામારી રોગચાળામાં જે કોઈ સમાજ સેવામાં જોડાયેલા હોય તે સૌને ગમે તે સમયે આપણા મંદિરથી જમાડવા અને ગરીબ લોકોને ફૂડ પેકેટ પહોંચાડવા માટેનું સૂચન કરતા જ આપણા કાલુપુર મંદિરથી પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી અને તેમના સંત મંડળ દ્વારા તથા કાલુપુરમાં રહેતા સંતો દ્વારા પણ ફુડ પેકેટની સેવા કરવામાં આવી હતી. માર્ચ ૨૦૨૦ થી ૨૪ એપ્રિલ સુધી કુલ સવાર અને સાંજના મળી ૯,૮૯,૩૦૦ ફૂડ પેકેટ તૈયાર કરીને સરકાર, મ્યુનિસિપાલીટી દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું, પોલીસ કર્મીઓને પણ સવારે કુલ ૭૭,૬૦૦ અને સાંજના ૩૪,૪૦૦ ફૂટ પેકેટ રૂબરૂ પહોંચાડ્યા હતા. તેમજ માર્ચ માસથી લઈ મે માસ દરમ્યાન સવારે ૩૨૦ અને સાંજે ૨૨૦ પોલીસ કર્મીઓને આપણા કાલુપુર મંદિરમાં જમાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત આપણા જેતલપુર મંદિર, કાંકરિયા મંદિર, નારાયણપુરા મંદિર, નારાયણઘાટ મંદિર, એપ્રોચ (બાપુનગર) મંદિર, ધોળકા મંદિર, મૂળી મંદિર, સુરેન્દ્રનગર મંદિર, રણજીતગઢ અને રાણીપ મંદિર આદિ અનેક મંદિરોના પૂ. મહંત સ્વામીઓ દ્વારા મંદિરથી જમાડવાની પ્રવૃત્તિ અને ફૂડ પેકેટ વિતરણ પ્રવૃત્તિ સતત ૨ માસથી પણ વધુ સમય સુધી કરવામાં આવી હતી. જેતલપુર મંદિરથી પૂ. મહંત સ્વામીનું સંત મંડળ જાતે સ્વયં રૂબરૂ જઈ ગરીબ અસર ગ્રસ્તો, પોલીસ કર્મીઓ અને હોસ્પિટલમાં જમવાનું બનાવીને તેઓને પહોંચાડવાની ખૂબજ ઉમદા સેવાકીય પ્રવૃત્તિ કરી હતી. આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ઉદ્દેશ એવો હોય છે કે નાનામાં નાના માણસનું સતત ધ્યાન રાખીને તેનું પોષણ કરવું. અને આ સમય પણ એવો છે કે એક બીજાની પડખે ઉભા રહીને તેને હુંફ અને આશ્વાસન મળે અને તેને પુરતી મદદ મળે જેથી કોઈ પરિવાર ભૂખથી ન પીડાય. શ્રીહરિના આદેશનું સતત પાલન કરીને આપણું કાલુપુર મંદિર અને તેના તાબાના તમામ મંદિરો દ્વારા પ્રવૃત્તિ કરવામાં આવી હતી.

(કોઠારી સ્વામી મહાપુરુષદાસજી)

## ધોળકા મંદિરમાં ઠાકોરજીનો પાટોત્સવ

પરમકૃપાળુ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અ.નિ. (દાદા ગુરુ) સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિસ્વરૂપદાસજી, અ.નિ. સ.ગુ. સ્વામી કૃષ્ણજીવનદાસજી, અ.નિ. સ.ગુ. સ્વામી મહાપુરુષદાસજી તથા ગુરુવર્ય અ.નિ. સ.ગુ. સ્વામી જગદીશપ્રસાદદાસજીના દિવ્ય સંકલ્પથી તથા સ.ગુ. મહંત સ્વામી સત્યસંકલ્પદાસજીની શુભ પ્રેરણાથી ધોળકા ધામમાં બિરાજમાન મહા પ્રતાપી શ્રી મોરલીમનોહરદેવ હરિકૃષ્ણ મહારાજનો ૧૯૩ મો પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો. જેના યજમાનપદે પ.ભ. મહાવિરસિંહ વિક્રમસિંહ ગોહિલ (ગુદેલવાળા) પરિવાર રહ્યાં હતા. ઠાકોરજીને મહાભિષેક, શણગાર આરતી અને અન્નકૂટ આરતી સંતો દ્વારા થઈ હતી. (કોઠારી સ્વામી ધોળકા)

## શ્રી સ્વામિનારાયણ મંદિર રિદ્રોલ ૧૬ મો પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર રિદ્રોલનો ૧૬ મો વાર્ષિક પાટોત્સવ સુંદર રીતે ઉજવાયો. જેમાં સૌ પ્રથમ ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ આરતી થઈ હતી. ત્યારબાદ કાલુપુર મંદિરના મહંત સ્વામી, શા. પી.પી. સ્વામી (મહંતશ્રી ગાંધીનગર), શા. સ્વામી પ્રેમસ્વરૂપદાસજી આદિ સંતોએ કથા વાર્તાનો લાભ

